પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
શ્રી રાજેન્દ્રસૂરિ જૈન સાહિત્ય પ્રકાશન મંદિર
વ્ય. શ્રી કાન્તિલાલ પોપટલાલ સંઘવી
રતનપોળ, હાથીખાના–અમદાવાદ

(૨)
શ્રી રાજેન્દ્રસૂરી જૈન સા. પ્ર. મંદિર
વ્ય. શ્રીમાંગીલાલ ખૂરડ
પો. રાણાપુર
જિ. ઝાબુઆ (મ૦ પ્ર૦)

*

દ્રવ્ય સહાયક :
શા. પુખરાજ ગૌતમકુમાર રમેશચંદ્ર
પો. જોધપુર (રાજ૦)

*

મૂલ્ય : એક રૂપિયો

*

પ્રથમ સંસ્કરણ :
વીર સં. ૨૪૮૯
વિક્રમ સં. ૨૦૨૦
રાજેન્દ્રસૂરિ સં. ૫૭

દ્વિતીય સંસ્કરણ :
વીર સં. ૨૫૦૦
વિક્રમ સં. ૨૦૩૧
રાજેન્દ્રસૂરિ સં. ૬૮

*

મુદ્રક :
શાહ ગિરધરલાલ ફૂલચંદ



ગંભીર ગુણનાયક, પરોપકારી, પૂજ્ય ગુરુદેવાચાર્ય ભગવંત

શ્રીમદ્વિજયયતીન્દ્રસૂરીશ્વરજી મહારાજ



અર્પણ.....!

જેમની
ચિર સ્મૃતિ
હૃદયપટલ પર
અંકાઈ ગઈ છે,
પરોપકારી
પૂજ્ય ગુરુદેવ
શ્રીમદ્વિજય
યતીન્દ્રસૂરીશ્વરજી
મહારાજને

૦

શિશુ—
જયંતવિજય 'મધુકર'

ભાઈ! હોડી તો હંકારી પણ સંભાળજે હો!

મધ્ય દરિયે ગભરાઈ ન જાય તેનું ધ્યાન રાખજે!

રત્નના બદલે કાચ ના ખરીદજે!

પત્થર અને પારસનો ઉપયોગ જુદો જુદો કરજે!

ન સમજાય તો કોઈને પૂછજે પરંતુ અજ્ઞાનમાં રહી પારસનો દુરુપયોગ ન કરજે!

પારસ અને પત્થર એક નથી, અલગ અલગ છે!

પારસ લોઢાને સોનું કરે માટે સમજીને વ્યવસાય કરજે!

સમજીને કરીશ તો જ ધન મેળવી શકીશ જીવનનું.

બધુંય વિણસી જશે પરંતુ જીવનનું ધન હમેશાં ટકી રહેશે!

એ જીવનના ધનને પામવા માટે ધનપતિઓના શરણે જજે! એટલે એ સાચું ધન સમજાવશે! એને મેળવવાનો માર્ગ બતાવશે! પણ ભલા! વિચારજે પહેલાં કે જીવનનું ધન જોઈએ કે જીવનમાં ધન? એનો જવાબ પૂછતો રહેજે તારા અંતરના માળિયામાં બેઠેલ આત્માને!

દરિયાની મુસાફરીમાં કોઈ પણ જાતનું આકર્ષણ દેખાય તો દૂરથી એને જુહારજે પરંતુ એના લોભમાં પડીશ નહિ. અન્યથા ક્યાંયનો નહિ રહે!

જીવનનું ધન પરમેષ્ઠિઓની આરાધના, સ્મરણ અને ભક્તિ છે. એ ભાવપૂર્વક કરતો રહીશ તો જ જીવન ધનની પ્રાપ્તિ અને વૃદ્ધિ થઈ શકશે.

ઘણા વખતથી પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિથી પ્રેરાઈને કંઈક લખવાની સ્ફુરણા થયા કરતી હતી કે સ્થિરને છોડીને અસ્થિર તરફ ધસતા જતા જનમાનસને સાચા જીવન-ધન માટે કંઈક લાલબત્તી દેખાડાય તો ઠીક !

પરિણામે પ્રસ્તુત સંકલન પુસ્તક સ્વરૂપે પાઠકોના હાથમાં છે.

મારા ધર્મમિત્ર ' શ્રી સ્નેહરશ્મિ 'ની આ સ્થળે યાદ આપું તો અનુચિત નહિ કહેવાય, જેમણે સહૃદયી ભાવે ' ગુણની ગાથા ' લખી આપવાની ઉદારતા દાખવી છે.

' જીવન ધન સાર્થક છે 'નું અંકન કરનાર શ્રીયુત્ પુનમચંદ નાગરલાલ દોશીને પણ હું કેમ ભૂલી શકું ! જેમના પૂર્વના સંસ્કારો મને આ પુનિત માર્ગે વાળવામાં સહાયભૂત થયા છે.

પ્રસ્તુત પ્રકાશનની દ્વિતીયાવૃત્તિને પ્રકાશિત કરી જેમણે જ્ઞાન ભક્તિ દાખવી છે તે પણ પ્રશંસનીય છે.

પ્રાન્તે ' જીવન-ધન ' દરેકને સાચું ધન અપાવવા સફળ નિવડે એ જ હાર્દિક અભિલાષા.

જૈન ઉપાશ્રય
નેનાવા (બનાસકાંઠા)
૨૦૩૦, પર્યુષણપર્વ

લેખક

વ્યાખ્યાન વિના આત્માને જાણી ના શકે, તેમ અન્ય પ્રાણી ઉપદેશ વ્યાખ્યાન વિના આત્મોત્થાન ના કરી શકે.

આર્યદેશની એ વિશિષ્ટ મહત્તા હતી કે વ્યવહારૂ જીવનમાં પણ ધર્મને અગત્યનું સ્થાન આપવામાં આવતું. આર્યપ્રજાની અર્થ અને કામ પુરુષાર્થની સાધનામાં પણ ધર્મનો દ્રષ્ટિકોણ ભુલાતો નહિ.

આર્યપ્રજાના દૈનિક કાર્યક્રમમાં ઉપદેશ શ્રવણનું પણ એક કાર્ય રહેતું અને સૌ પોતપોતાના ધર્મની મર્યાદા પ્રમાણે આગમ, રામાયણ, મહાભારત કે અન્ય ધર્મગ્રંથોને પોતાના ધર્મગુરુઓના પવિત્ર મુખેથી સાંભળતાં અને શ્રવણ દ્વારા એમને ધર્માચરણની સત્પ્રેરણા મળતી.

પણ....

આજના ભરપૂર ભૌતિકવાદના સમયમાં, ઠેર ઠેર નજરે નિહાળીએ ત્યાં આખું વાતાવરણ બદલાતું જાય છે. પૂર્વના

કાર્યક્રમો વિસરાતા જાય છે. જીવનમાંથી ધર્મ વિદાયગીર થતો જણાય છે. આશા અને તૃષ્ણા બેસુમાર વધતી જાય છે. આશા અને તૃષ્ણાના આધારે સુખી થવાની ભૂલ ભરેલી માન્યતા મગજમાં ઘર કરતી જાય છે. પરંતુ આ આકાશ-પુષ્પ જેવું છે અથવા કાગળના વિના સુગંધના ફુલ જેવું છે.

ધર્મગ્રંથોનું સ્થાન આજના દૈનિક પત્રો લઈ બેઠા છે. ધર્મગ્રંથોના ઉપદેશનું સ્થાન આકાશવાણીને સંભળાવતાં રેડીયો લઈ રહ્યા છે કે જેમાં અર્થપોષક, તૃષ્ણા સંવર્ધક, કામોત્તેજક તત્ત્વોને પીરસવામાં આવે છે. કદી કદી નીતિપોષક વાત કે ગીત આવે પણ એ નહિવત ગણાય.

આવી કથળતી હાલતમાં પણ ગુણગ્રાહી ગુણસત્ત્વશીલ મહાત્માઓની ભાવના એ હોય છે કે ધર્મમાર્ગ નહિ પામેલાઓને તેમ જ ધર્મમાર્ગ ભૂલેલાઓને ધર્મમાર્ગ ઉપદેશ દ્વારા બતાવવો.

પણ જેઓ દૂર દેશમાં વસતા હોય, મહાત્માઓના સંગનો લાભ ન મેળવી શકતા હોય અથવા સમયાભાવને લીધે ઉપદેશનો લાભ ન લઈ શકતા હોય, એવા મહાનુભાવોને લાભ મળે અને આત્મોત્થાન માટે કંઈક પ્રયાસ કરી શકે એ માટે ઉપદેશને અક્ષરદેહ આપી પુસ્તકમાં આરૂઢ કરી રજુ કરે જેથી એવા મહાનુભાવો અનુકૂળ સમયે લાભ લઈ શકે.

પરોપકાર પ્રવણ પરગજુ પુરૂષોની ભાવનામાં એ ભવ્યતા હોય કે ગમે તે રીતે, ગમે તે પ્રકારે અન્ય ભવ્યાત્મા વાસ્તવિક ભવ્ય-વિશાળ બને, ઉન્નત બને, સત્ત્વગુણોથી મઘમઘતો આનંદદાયી બને અને પરમપથનો પ્રવાસી બને.

ભલા ! તું ભીંત ના ભૂલ ! આ બહારનો શણગાર તારા અંતર આત્માને ભરખી જશે !! જરા સમજ !!!

" ક્યારે ય તેં અંતરસાગરને ઉલેચવાની તૈયારી કરી છે ખરી ? "

દુનિયાના દોષોની સમાલોચના કરનારા અને પર પંચા. તમાં પાવરધા થએલાઓને માટે આ અમોઘ વાક્ય છે.

અરે ન્યાયના ફિરસ્તા ! તું બધાનો ન્યાય કરે છે પણ તારા અંતરસાગરમાં ભરાઇ ગએલ દોષોને બહાર કાઢવા પ્રયત્ન કર્યો છે ?

ના. તો હવે કરો ભાઈલા !! નહિતર ગંદા દોષો તારા આત્માને ગંદો બનાવી દેશે અને અધોગતિના ગર્તામાં ધકેલાઇ જવાશે.

" જીવનગ્રંથોના એ પૃષ્ટો ઉપર આદર્શ ગુણાવલિયોના અધ્યાય અને ચિત્રો ચીતરેલા છે કે પછી એ પૃષ્ટો ઉપર કાળી સાહી પોતેલી છે ? "

દરેક સમજુ પ્રાણીને વિચારમાં મૂકી દે તેવું આ પ્રશ્નાર્થ વાક્ય છે. જીવનના એક વર્ષના ચોપડાના ત્રણસો સાંઠ પાના કલ્પીએ અને એના કયે પાને શું લખ્યું છે તેનો નિખાલસતા-પૂર્વક વિચાર કરીએ તો સત્ત્વગુણી આત્માના નયનોમાંથી ધ્રુસકે ધ્રુસકે પશ્ચાતાપના આંસુડાં ઉભરાશે.

" વાણી વિલાસ લાવારસનું રૂપ લઇ શકે છે અને જીવતાને બાળી ખાખ કરે, અને વાણી વિલાસ અમૃતકુંભનું કામ પણ કરી શકે. "

પ્રથમાવૃત્તિ પ્રસંગ

'જીવનધન' સાર્થક છે

'જીવનધન' કેટલું સુંદર નામ! તમારા હાથમાં જ છે ને!

આજના જગતમાં ધનનો લોભ કોને ન હોય?

લક્ષ્મીદેવીની મહેરણાની મેળવીને તેનો યથેચ્છ ઉપભોગ કરવાનું કોને પ્રિય ન હોય?

સ્થાવર અને જંગમ મિલ્કતના ઢગેઢગ મેળવવા, એ કોને નથી ગમતું?

પરંતુ આ ધન તો કોઇ ત્રીજો જ પ્રકાર બતાવે છે. લૌકિક બે પ્રકાર કરતાં કેટલાય ગણું વધુ શક્તિશાળી, મૂલ્યવાન આ 'આત્મધન'.

એ તો સૌથી વધી જાય.

એ ધનને સાચવી રાખવાનું જાણનારને સાંસારિક ધન સાચવવાની જરાય મહેનત પડતી નથી.

'આત્મધન' એ જ જીવનધન માનનાર વ્યક્તિ આલોક અને પરલોકની દિવ્ય તિજોરી ઠાંસીઠાંસીને ભરી રહ્યો છે. પછી આ ભવ તો સુખમાં નિર્ગમન કરવાનું તો તેને તદ્દન સહેલું છે. સાથે સાથે પરભવનું ભાથું પણ સાથે જ એકઠું જમા કરેલું હોઈ તેની સાહ્યબીમાં મણા રહેતી નથી.

આ ધનને પ્રાપ્ત કરનાર અને સાચવનાર અનેક નરરત્નો જૈન સમાજે આજ સુધી ઉત્પન્ન કર્યા છે, જેમના જીવનની રસમય યશગાથાઓવડે જૈન આગમશાસ્ત્રનો મહોદધિ છલોછલ ભર્યો પડ્યો છે.

આ ધન પ્રાપ્ત કરવાની ચાવી પૂજ્ય **મહારાજ શ્રી** જયંતવિજયજીએ અનેક દૃષ્ટાંતો દ્વારા આપણને આપી છે. જુદાં જુદાં સામયિકોમાં અવારનવાર આ લેખો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

અને જૈન સમાજના [illegible] [illegible] [illegible] [illegible]
પરમ પ્રેરણા આપતી રહ્યા છે.

એકેએક લેખ ખાસ જ મનનીય, ચિંતનશીલ અને જ્ઞાનના ઉચ્ચ આદર્શને પૂરો પાડનાર છે.

આજે આ બધી સામગ્રીનો સારો એક જ સંગ્રહરૂપે 'જીવનધન'ના નામે સમાજને ચરણે ધરવામાં આવે છે. આશા છે કે સમાજ તત્ત્વરૂપી માખણ ગ્રહણ કરી પોતાના જીવન પર પડેલી અજ્ઞાનતાની છાયા દૂર કરી જીવનને ઉજ્જવળ બનાવવા પ્રયત્નશીલ બનશે જ.

જુદા જુદા લેખો હોવા છતાં એક સાંકળરૂપે ગુંથાયેલા છે. જેના ઉપર ટૂંકમાં મનનશીલ વિચારણા રજુ કરવાની મને પ્રેરણા થતાં ધન્યતા અનુભવું છું.

દશકા પહેલાં શાળાની પાટલી પર બેસી શિક્ષકના બોલને એકચિત્તે શ્રવણ કરનાર શિષ્ય આજે સમસ્ત સમાજને ધાર્મિક પ્રેરણા પિયુષનાં ઝરણામાં મજ્જન કરાવી રહેલ હોય, એવો પ્રત્યક્ષ અનુભવ થતાં કયો શિક્ષક ગર્વ ન અનુભવે! એવો છે મહારાજશ્રી સાથેનો મારો સંબંધ!

શરૂઆતમાં જ પુસ્તકનો ઉદ્દેશ, અસલ નામ 'જીવનધન' પ્રગટ કરતો પહેલો લેખ આપ વાંચી શકશો. 'સુરક્ષા અને વૃદ્ધિ' નામક આ લેખ દ્વારા, આત્મધનનો નાશ ન થાય, આત્મધન એળે ન ગુમાવાય, સંસાર સાગરના પ્રવાસીનું આ ધન ચાંચિયા-દુષ્ટોના હાથમાં રગદોળાઈ ન જાય-લૂંટવાઈ ન જાય, તે માટે ભાવનામય શૈલીમાં પંચ પરમેષ્ઠિનો સહારો મેળવી જીવનધન બચાવી લેવાની અમૂલ્ય સલાહ આપવામાં આવી છે.

જીવનધન બચાવ્યું છતાં માનવદેહને જેમ અનેક રોગોનો સ્પર્શ-ચેપ લાગવાનો સંભવ ખરો જ, અને એ રોગો સામે

બાથ ભીડવાની જરૂર સ્વીકારીએ તેમ 'અંતરના રોગોને મટાડવાની' એક રામબાણ દિવ્ય ઔષધિ 'મહામંત્ર નવકાર'નો ઉપયોગ કરવાની સુવર્ણ સલાહ વિદ્વાન મુનિરાજશ્રી બીજા લેખમાં આપી જાય છે.

માનવતાનું સાચું મૂલ્યાંકન શું ? જીવનહિત માટે 'પરમ સુંદર પાથેય' એ જ મહામંત્રનું રટણ, રમણ, જપન કે તપન; જે વડે દેહને લોકોત્તર દૃષ્ટિ પ્રાપ્ત થઈ શકે છે. એ દૃષ્ટિથી સત્યાસત્યનો વિચાર આત્મા કરી શકે છે. પૂર્ણ સામગ્રી મળવાથી જગતના બાહ્ય દુશ્મનોની સાથે ઝઝૂમવાની તાકાત આત્મા કેળવી શકે છે; એ સત્ય ત્રીજો લેખ રજુ કરે છે.

એ મહામંત્રમાં દર્શાવેલ પંચ પરમેષ્ઠિ ભગવંતો પ્રાણિમાત્રના ઉપકારી છે. એમના ગુણગાન ગાવાનો અનુરોધ મહારાજશ્રી ચોથા લેખમાં બતાવી જાય છે. માનવનો પુરુષાર્થ, પરિબળ, અને શક્તિઓનું સમુત્થાન એટલે પંચ પરમેષ્ઠિ ભગવાનોના નામનો ગુંજારવ અને એ માનવહિતની ખરી જડીબુટ્ટી છે, એમ સુંદર વિચાર જણાવ્યો છે.

જેને આ જડીબુટ્ટી જડી છે, તેને દિવ્ય તેજ–દીપકનું ભાન જરૂર થશે જ. આ જન્મે નહિ તો જન્માંતરમાં તો ચોક્કસ. પાંચમા લેખમાં ભગવાન મહાવીરનો શાંતિસંદેશ, વિશ્વમૈત્રી, સદ્‌ભાવના અને ઉત્તમ આચરણના દીપકો પ્રકાશમાન કરી દિપાવલી ઉજવવાની અને તે દ્વારા અંતરના મંદિરને અજવાળવાની સાચી શીખ આપવામાં આવી છે.

મનમંદિર ઉજ્જવળ થયા પછી અંતરની ખોજ કરવાની હોય, મન મહાસાગરનું મંથન કરી આત્મગુણની વૃદ્ધિ કરનાર દિવ્ય રત્નોની પ્રાપ્તિ કાજે અંતરના સાગરને ઉલેચવા–શૂરવીરતાના સુંદર ભાવો કેળવવાનો અનુરોધ છઠ્ઠા લેખમાં દર્શાવ્યો છે.

આત્મનો [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] તેમાંથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. માટે શુદ્ધ [illegible] પર [illegible] [illegible] [illegible] [illegible] જાગતી વૃત્તિ [illegible] [illegible] [illegible] [illegible]–[illegible] પડકારો આપનાર કોઈ તાકાત જગતમાં નહિ રહે માટે જ હૃદયના ઉમળકાપૂર્વક–ભાવનાપૂર્વક સાચા લેખમાં એ પર્વાધિ-રાજની આરાધના કરવા કટિબદ્ધ થવાની હાકલ કરવામાં આવી છે

આત્મરક્ષણનાં સુંદર શસ્ત્ર પ્રાપ્ત થયાં. તેનો વપરાશ ક્યારે ? સાંસારિક વાસનાઓની ભયંકર ભૂતાવળ માનવની સામે દાંતીયા પીસીને ઉભી જ છે, તેને હણનાર શૂરવીર નરકેશરી માટે ધ્યાન, તપ, જપ માટે નક્કી કરેલા દિવસો–જ્ઞાની ભગવંતોની પરંપરાએ આવનાં એ પર્યુષણ પર્વાધિરાજ પધાર્યા છે, તેનું સ્વાગત કરી સાચા પ્રેમપૂર્વક પર્વાધિરાજની આરાધના કરવાની ભલામણ આઠમા લેખમાં કરવામાં આવે છે.

નવમો લેખ ‘ જૈન ’ની સાચી વ્યાખ્યા દર્શાવે છે. જૈનધર્મનો ઉદ્‌ઘોષ પાડતાં તેનું અવલંબન લઇ અભ્યંતર શત્રુઓ પર વિજય મેળવવા માટે મન વચન અને કાયાથી પવિત્ર જીવન ગાળનાર માનવ માત્ર પોતાનો સ્વઉદ્ધાર–વિજય સહેલાઇથી પ્રાપ્ત કરી શકશે એમ દ્રઢ શ્રદ્ધા વ્યક્ત કરી છે.

ત્યારબાદ શાંતિની શોધમાં નીકળેલા મુસાફરને દસમા લેખ દ્વારા માનવગણના ‘ જીવનનું પહેલું પાનું ’ ઉકેલી આપવામાં આવેલ છે. જેમાં આપણી સમક્ષના પ્રત્યક્ષ અનુભવો અને અશાંતિની અગન જ્વાળાઓ બાળી અસીમ શાંતિની પ્રાપ્તિ કેવી રીતે થાય તે માટે જીવન ગ્રંથના અભ્યાસનું મનન કરવાનું ફરમાન મુનિરાજશ્રી કરી રહ્યા છે.

'વચન મારનાર છે અને વચન તારનાર છે' એ સનાતન સત્ય અગ્યારમા લેખમાં રજુ કરતાં વચનની કિંમત સમજાવવાનો શુદ્ધ પ્રયત્ન કર્યો છે. તે દ્વારા વાણી પર સંયમ કેળવવાની દિવ્ય શીખ આપવામાં આવી છે.

માનવ જીવન પ્રાપ્ત થયા પછી શું આમ એળે જ ગુમાવશો ? જનમ્યા, જુવાની આવીને જઇ રહી છે, બુઢાપાની સાથે હાથમાં લકડી આવતી કાલે જ આવશે. હવે સમયની કિંમત સમજવાનો યત્ન જ નિરર્થક છે. કહ્યું છે કે—

'જ્યારે જમડાજીનું તેડું જ આવે, સર્વ મૂકીને જવુંજી;
રહો રહો જમડા આજને. દહાડો, શેત્રુંજે જઇને આવુંજી.'

આ તે કંઇ રીત કહેવાય ?

ભાન ભૂલ્યા ભવ મુસાફરને સાચા માર્ગે લાવનાર પંચ પરમેષ્ઠિ ભગવંતોને હૃદયમાં સ્થાપવા–તેમની સાથે મિત્રાચારી બાંધવાની અપીલ બારમા લેખ દ્વારા કરવામાં આવી છે.

એ જ પંચ પરમેષ્ઠિ ભગવંતોરૂપી આભૂષણોવડે જ દેહ શણગારવા, મન મંદિરમાં ઉચ્ચ સ્થાને સ્થાપવા, અને લાલિત્યનાં બાહ્ય આભરણો તજવાની શાણી શિખામણ આપી તેરમો લેખ પૂર્ણ કર્યો છે.

હવે તો 'જીવનધન'નું દાન આપતા જ્ઞાનશીલ મુનિરાજશ્રીના અનેક વ્યાખ્યાનોમાંના ચમત્કૃતિ પેદા કરતાં ઉત્તમ વાક્ય સમૂહના સાચાં શાબ્દિક મોતી મહાસાગરમાંથી મંથન કરીને મેળવ્યાં હોય તેમ તેમના જ્ઞાન મહોદધિમાંથી વીણીને અહીં ચૌદમા લેખમાં રજુ કરવામાં આવે છે. એ જીવનધનના જથ્થાને વધુ વિપૂલ બનાવી સમૃદ્ધ કરશે એમ આશા રાખી શકાય.

સંસાર સાગરને પાર કરનાર માનવ નાના મોટાથી ઉત્તમ યોનિના ભવાંતરમાં આવે છે. એ ભવાંતરનો નાશ કરનાર ઉત્તમ ભાવના જો પ્રગટ થાય તો આદેશાથી એ જ ભાવથી સામો કિનારો–મુક્તિનગરને જલદીથી પ્રાપ્ત કરી શકે છે. જેથી લોકમાં ઉત્તમ ભાવના કેળવવાનો આદેશ આજના યુગમાં સમાજને મહારાજશ્રી કરી રહ્યા છે.

જૈન સમાજની એકેએક વ્યક્તિ જાણે છે કે નાનાથી મોટાં સૌ નર–નારી "નમો અરિહંતાણં" આદિ વારંવાર બોલતા પણ સંભળાય છે. અનેક વિદ્વાનો એક જ સૂર કાઢે છે કે– "પંચ પરમેષ્ઠિ ભગવંતો આપણા જીવનની મુડી છે" એ મુડી સાચવી રાખવી. તેનો યથેચ્છ ઉપયોગ કરી જીવનને મઘ-મઘતું કરો એવી અંતઃકરણની ઊંડી ભાવના સાથે વિરમીશ.

ડીસા
શહેર [illegible]
સંવત્સરી ૨૦૨૭


લી. સમાજ સેવક
પૂનમચંદ નાગરલાલ દોશી
મુખ્ય અધ્યાપક તાલુકા શાળા

અનુક્રમણિકા

વિષય				શરૂના પૃષ્ઠાંક

જીવનધન

*



[૧]

સુરક્ષા અને વૃદ્ધિ

માનવ!

ઘર છોડીને મુસાફરી માટે બહાર જઈએ અને પાછા ઘર ન પહોંચી જઈએ ત્યાં સુધી રસ્તામાં કેટકેટલી ખબરદારી પોતાને રાખવી પડે છે? જ્યારે ત્રણ-ચાર પેટી ને બિસ્તરા સાથે હોય ત્યારે તને ચેન વળે છે? વારંવાર દરેક સ્ટેશને ધ્યાન રાખે છે કે ક્યાંય કોઈ ઉઠાવગીર આવીને એકાદ બિસ્તરો ન ઉઠાવી જાય. સાથે સાથે એ પણ ખ્યાલમાં રાખે છે કે ક્યાંયથી કોઈ ખિસ્સાકાતરૂ આવી ખિસ્સું ન કાપી જાય, કોઈ ઠગ આવી આપણને ઠગી ન જાય! કેટલી ઉપાધિ!

તારા તરફથી તેં બેસવાના પૈસા આપ્યા અને ગાડીવાળાએ તને બેસવાની સીટ આપી. આથી-એમ થોડું જ સમજવાનું છે

કે એ તારૂં ધ્યાન રાખે! તારા આખા શરીર અને સામાનનો એણે થોડો જ વીમો લીધો છે કે એ તારી ચિંતા સેવે!

ભાઈ! એટલે જ બહાર જઈએ ત્યારે નાનાં મોટાં શીખ આપે છે કે ભાઈ, બહારવાસમાં ખૂબ સાવધાનીથી વરતજો.

પણ આટલું બધું શા માટે?

તડાક દઈને જવાબ આપીશ કે માલ પોતાનો, ધન પોતાનું, અને પોતે જ ચિંતા સેવવાની પોતાની પુંજીના રક્ષણની!

થોડા ગાફેલ થયા કે બિસ્તરો ચાલવા માંડશે. અસાવધાન થયા કે ખિસ્સું ખલાસ થઈ જશે, અને મૂઢ બન્યા તો ગાંઠના ગોપીચંદ થઈને પાછા વળવું પડશે. આમ ત્રિદોષથી ભરપુર યાત્રા-પ્રવાસ ચાલતો રહે છે.

આ તો તું હમેશાં રાત-દિવસ ઉપયોગમાં લે તેની વાત છે. પરંતુ જે ક્યારેક ઉપયોગમાં લેવાનું છે, અને હંમેશાં પોતાની પાસે જ રહેવાનું છે એવા જીવનધનની તેં ખબરદારી ક્યારે ય કરી છે ખરી?

જીવનની ગાડી એક સ્ટેશનથી બીજે સ્ટેશને જાય છે આ ગાડી જ્યાં સુધી પોતાના નિશ્ચિત સ્થળે ન પહોંચે ત્યાં સુધી અનવરત એ ચાલતી રહે છે.

તો પોતાના ધનના રક્ષણ માટે તારી પોતાની ખબરદારી છે કે નહિ! કોઈ પૂછે કે તારે ક્યાં જવું છે? શું કરવું છે? શું લઈ જવું છે? કોણ કેટલું લઈ ગયા છે? કેટલું છોડી ગયા છે? ક્યાં લઈ ગયા છે? આટઆટલા પ્રશ્નો જ્યારે તારી સામે આવી પડે ત્યારે ખરેખર તું મુંઝાઈ જાય છે ને?

કારણ ? તને ખબર જ નથી કે આવા પ્રશ્નોના જવાબો શું આપવા ?

સમાધાન કરવાની શક્તિ તારામાં છે, પરંતુ સૂર્યના પ્રકાશથી કમળની પાંખડીઓ વિકસ્વર થઈ જાય છે તેમ તારા હૃદય-કમળને ખીલવનારો ભાસ્કર તને મળ્યો નથી. અને જે મળ્યા તે મુરઝાયેલા, પછી તું કયાંથી પામી શકે સોનેરી કિરણો !

ગયો એની ચિંતા છોડ, આવ્યો નથી એની આકાંક્ષા મૂકી દે. વર્તમાન તારા હાથમાં છે તે અતીત અને અનાગતને સુધારી દેશે.

જો સમજણ હોય તો માનવનું પરમોચ્ચતમ જીવન ! આ સમયે જે ધારે તે મળી શકે, મેળવી શકે. જીવનધનને પ્રાપ્ત કરી આનંદમય સમય ગાળી શકે !

એ પરમ પુરુષોની શરણાગતિ સ્વીકાર !

પછી દેખ બેડો તારો પાર !

રાખી પરમેષ્ઠિ આધાર !

ચાલો જીવનની પગથાર !

જેમણે જીવનધનની મહત્તા સમજાવી, સંભાળતાં શીખવ્યું તેવા અરિહંત પરમાત્મા–જીવનધનના બળે આત્મધન મેળવ્યું તે સિદ્ધપરમાત્મા, જેઓ જીવનધનના રસિયા બની તેવું આચરણ અનુશીલન કરી રહ્યા છે તે આચાર્યદેવો, જેઓ જીવનધનને મેળવવા પાછી પાની કરતા નથી તે ઉપાધ્યાય ભગવંતો, અને જેમને તાલાવેલી લાગી છે એ ધન પ્રાપ્ત કરવાની એ મુનિમહારાજાઓ.

[illegible]

[illegible] જાગૃતિ [illegible] ખબરદારી રાખતાં શીખીશ.

બૌદ્ધિક [illegible] તું ખબરદારી રાખે છે ત્યારે મને સહેજે તને [illegible] વાનું મન થઈ જાય છે.

જો, માનીશ, તો લાભ તને જ થવાનો.

હેણ, આ રહ્યું તારું જીવનધન, અને આ રહ્યા તેને લૂંટી લેનારાં તત્ત્વો!

'ક્ષમા ધનના કોશાગારને ક્રોધ લૂંટારો આવી લૂંટી ન જાય તેટલું બળ કેળવજે તું તારામાં!

'નમ્રતા(વિનય)ની પુંજીને અભિમાન તસ્કર આવી ન તફડાવી જાય તેની તકેદારી રાખજે તું!

'સરળતાની બેગને માયા મજહૂરણ ઊચકીને ચંપત ન થઇ જાય તેની ખબરદારી કરજે તું!

'સંતોષની તિજોરીને લોભ રાક્ષસ આવીને ન ભરખી જાય તેની પૂરેપૂરી ભાળ રાખજે તું!

'આમના સામે ટકી શકે તું તે માટે તારો પથ પ્રશસ્ત કરશે એ પરમ પૂજ્ય આરાધ્યપાદ પરમેષ્ઠિ ભગવંતો!

અરિહંતનું શરણ ક્રોધ સાથે ઝૂઝવાનું સામર્થ્ય પ્રદાન કરનારું નીવડશે.

સિદ્ધનું શરણ અભિમાનને પરાજિત કરવામાં અનેરો સાથ આપશે.

આચાર્યનું શરણ માયાથી બચવા માટે સર્ચલાઇટનું કામ કરશે.

ઉપાધ્યાય અને સાધુનું શરણ લોભને હંફાવી દેવા માટે તારામાં બળ ભરશે.

જીવનધનની સુરક્ષા અને વૃદ્ધિ માટે કંઈક કરીશ તો જ તારો પ્રવાસ સાર્થક ગણાશે. તો જ તું સમજદારની કોટિમાં આવી શકીશ. ત્યારે જ તારામાં તારાપણું દીપી ઊઠશે અને—

અને તું તેનાથી તત્સ્વરૂપ પણ બની શકીશ.



[૨]

અંતરના રોગો મટાડવા !

માનવ !

તારૂં આ પામર પિંજરૂં કોઈપણ જાતની આધિ વ્યાધિથી ઘેરાઈ જાય અને તું અસ્વસ્થતાનો અનુભવ કરવા માંડે ત્યારે તું કેટકેટલું કરવા મથે છે? ફક્ત એટલા જ માટે ને? કે રોગો તને છોડે અને તેમાંથી તને મુક્તિ મળે. એના જ માટે તું આકાશ પાતાળ એક કરે છે. દેશ-પરદેશની મુસાફરી ખેડે છે, ડૉક્ટરોનાં ખિસ્સાં ભરે છે. જેમ તેમ કરીને કોઈપણ ભોગે લાખ લાગે તેની પરવા નહિ પરંતુ બિમારીથી છુટકારો મેળવવામાં કોઈ ન્યૂનતા નથી રહેવા દેતો. શાનો રહેવા દે ?

એ બિમારીનો ઉપચાર કરતી વખતે તું કેટલો ભાનભૂલો રહે છે? તું સમજે છે કે મને આટલી જ વ્યાધિ વળગેલી છે અને આ ઠીક થયા પછી હું બિલકુલ આરામમાં રહીશ.

ભલા માનવ! તું જ કહે!

આમ ઉપર ઉપર મલમપાટા કરવાથી શું અંદરનો રોગ મટી જવાનો?

આગનો ભડકો થાય અને ઉપર રૂ નાખતા રહેવાથી શું આગને દબાવી શકાશે?

ના, ભાઈ, ના ! રૂ બળ્યું કે તૈયાર છે એ આગની જ્વાળાઓ, લાલ-પીળી લપેટો....ત્યારે શું કરવું ?

ભાઇ, આગને હોલવવા માટે પાણી જોઇએ. એ પડતાં જ અગ્નિદેવ નાસવા માંડે.

હાં, તો આજસુધી જે કંઇ કર્યું તે બહારથી રૂ લપેટવા જેવું જ કર્યું છે, નહિતર શરીરના રોગો રહે ખરા ?

શરીર એ જ હું અને હું એ જ શરીર, આ ખોટી માન્યતાએ તને ભરમાવ્યો છે. પરિણામે તું પોતાની જાતને જ ભૂલી ગયો છે. પછી તને ક્યાંથી જણાય પોતાને વળગેલા રોગો ? જેના કારણથી જ શરીરમાં રોગો આવી જાય છે એ રોગોથી આધિ, વ્યાધિ અને ઉપાધિઓના ગંજ ખડકાઈ જાય છે. કર્મ-જન્ય છે એ રોગો. પોતાની અસાવધતાએ પેસવા દીધા તેને.

> પોપાબાઈના રાજ્યમાં એ કરવા લાગ્યા લહેર,
> રોગો ચેપી થઇ ગયા સ્વયં કરી તેં મહેર.

જાણે છે ને ? તું કે, આંગળી પકડવા દીધી કે પહોંચો પકડનાર દુનિયામાં ઓછા નથી.

બાહ્ય જગતમાં તો આમ આંગળી અને હાથને છોડાવવા પયત્ન થઈ શકે છે. કારણ ? તારી ચક્ષુરિન્દ્રિય તેને દેખી શકે છે પણ....! તારે આ બહારી જગતમાં ગોથા ખવડાવનાર અને શરીરશાસ્ત્રીઓના સકંજામાં સપડાવનાર રોગોથી મુક્ત થવું છે કે નહીં ? શું તને હજુ સુધી તે માર્ગ ઉપર પગરણ માંડવાની સ્ફુરણા પણ નથી થતી ?

રોગની જ્યારે અને જે વખતે ખબર પડે ત્યારે અને તે જ વખતે તેને ડામવો જોઈએ. નહિ તો વધશે એનું જોર, ને કરશે

[illegible] ! નહિ, શાન્તિની [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

તો શું હજી ન સમજ્યો કે તારી અંદર, [illegible] [illegible] [illegible] [illegible] જેવા રોગો તારી આગળપાછળ [illegible] [illegible] લાગેલી જોઈ છે?

ભયંકર છે આરોગ્યહીપન.

વિવેકહીન આંધળી દોડ.

શ્રદ્ધારહિત થઈ ખુલ્લે આમ માનવતાનું લીલામ.

આડ આડ પડોનો કાફલો લઈને કર્મોની વિચિત્ર સ્વરે વાગતી વાંસળી.

આ બધાયને આરો, ઓવારો ક્યાંય ન મળ્યો.

તને દેખ્યો?

કાયર દેખાણો તું?

નમાલો બની ગયો તું.

ફાવી ગયા એ, હારી ગયો તું.

એમને દેખી હસ્યા કે એમના પંજામાં ફસ્યા સમજો.

શું આટ આટલી કમનસીબીમાં તને શાન્તિનો અનુભવ થાય છે ખરો? તારા પ્રયાસનો પ્રવાહ વિપરીત દશામાં વહી રહ્યો છે, તેની તને ખબર છે?

તને એકલાને જ નહિ, આ રોગો લાગ્યા છે આખા જગતને.

આ રોગના ભોગે બધાયે ઘણું ગુમાવ્યું.

હશે !

ગભરાવાનું કોઇ કારણ નથી. નીરોગી બનવાની તમન્ના રાખીને નીરોગી થવાનું છે.

એ અસાધ્ય રોગોના નિવારક પણ આ પૃથ્વીના પાટલે પાક્યા છે.

ભવ ભાંગીને ભાવ જાગ્યા હોય જો તારામાં, રોગોને હણીને નીરોગી થવું હોય તારે, તો આવી જા એ નીરોગીઓના નીરોગી શરણમાં, સ્વસ્થ આત્માઓના સ્વસ્થ આલંબનના પાવનતમ આશ્રયે.

સ્વસ્થ છે એટલું જ નહિ, શુદ્ધ પણ છે અને વિશુદ્ધ પણ. પરમ શ્રેષ્ઠ પદ પામેલા છે એ.

રોગનું નિદાન એમણે જ કર્યું અને ઔષધિના પ્રકારો પણ એમણે જ બતાવ્યા, એટલું જ નહિ સેવન કરવાની અને પથ્યાપથ્યની વિધિ પણ બતાવી છે.

એવા પરમ શ્રેષ્ઠ આરાધ્યોની શ્રેણીરૂપ છે મંત્રાધિરાજ મહામંત્ર શ્રી નવકાર.

એ પરમેષ્ઠી મહામંત્ર ઉત્કૃષ્ટશાવોને વધારનાર છે.

અંતરમાં વ્યાપેલી કડવાશને દૂર કરવા માટે, શેરડી કરતાં અધિક મધુરતા છે એમના નામના રટણમાં.

અંતરમાં રહેલા દાહ જ્વરને મટાડવા માટે ચંદનથી પણ વધુ શીતળતા રહેલી છે એમના સ્મરણમાં.

અંતરમાં લાગેલા રોગોને નાબુદ કરવા માટે રામબાણ ઔષધિનું કામ કરે છે એ મહામંત્રનું વિશુદ્ધ ભાવે કરેલું જપન.

[illegible] પ્રદાન કરે છે તેનું આલંબન

“ નવકાર ” નામ છે તેનું !

જગાવી દીધો જેણે પોતાના હૃદય મંદિરીએ !

તેનું રક્ષણ કરે એ નવકાર !

“ કાર ” એટલે સીમા, હદ, કિલ્લો !

નવકારનો શરણાર્થી નવ નવ કિલ્લાઓની કિલ્લેબંધીથી સ્વસ્થ વાતાવરણમાં ગરકાવ થઈ જાય છે, તેને કોઈ સતાવવાની હિંમત પણ કરી શકતું નથી.

કર્મ આઠ છે.

‘ કાર ’ નવ છે.

જેની પાસે નવની શક્તિ છે, તેની સામે આઠનો તો પરાજય જ થાય ને ? અતીતમાં એવા વિજેતા થયા અને એમણે જ નીરોગી બનવાની સુંદર સલાહ આપી, એટલું જ નહિ પરંતુ પ્રેરણા પણ આપી.

જેનું જોર વધારે તેની જીત નિશ્ચિત થાય છે.

જે સેવન કરે રોગોના નિવારણનું મહારસાયણ, તેનાથી રોગો ડરતા જ રહેવાના.

કષાયોની કિલ્લેબંધીને ભેદતાં મોટાઓનું શરણ સકુશળ રાખે છે.

નિર્વિવેકિતાના અંધારામાં જ્યોતિ અર્પનાર છે એ નવકાર.

બિમારીથી ખુવારી સર્જાશે એટલું સમજી લેવું જોઈએ.

જ્યારે સમજાય ત્યારે ઉપચાર કરે તે માનવ.

સમજાય છતાં આળસુ રહે તે જાનવર.

માનવ !

બોલતો ખરો ? કે શું તને હજુ સુધી નથી સમજાયું કે તારામાં આનંદઘન સ્વરૂપને કેવા કેવા રોગોએ આવરી લીધેલ છે ?

જો સમજાયું હોય તો કર ઉપચાર, અંતરના રોગોને હઠાવવા માટે અંતરના વૈદરાજનો આશરો લે. જેથી સ્વસ્થ બને તારું અંતર, નિર્મળ બને અંતરાત્મા, સફળ થઈ જાય તારો પરિશ્રમ.

એમનો આશ્રય લેનાર હંમેશા સ્વસ્થ થયો છે. તું પણ સંભાળ તારી જાતને, સ્મરણ રટણ કરી સ્વસ્થ બનાવી લે ખુદ પોતાને.

અપૂર્વ શક્તિ રહેલી છે એ પરમેષ્ઠીઓના શરણમાં, એમનું શરણ લે અંતરના રોગો મટાડવા !



પરમ પાથેય

પાર્થિવ દેહની ટાપટીપ માટે સમય મળે છે આજના માનવને. એની પુષ્ટિ માટે કટીબદ્ધ રહી શરીરનું સંમાર્જન કરતાં પણ એ અકળાતો નથી. જ્યારે જુઓ ત્યારે એ વિપત્તિઓથી લડતો હોય છે. આપત્તિઓને પહોંચી વળવા એ બાથ ભીડતો હોય છે. અને ક્યારેક એમના આગળ ઘૂંટણ ટેકતો પણ નજરે ચઢે છે. ભાન ભૂલી, ધ્યેય છોડી, લક્ષ્યને મૂકી, ઊંચી-નીચી ભૂમિમાં ભટકતો રહે છે. છતાં પોતાની ભૌતિક સિદ્ધિમાં સંપૂર્ણ રીતે ઉત્તીર્ણ થઈ શકતો નથી.

કારણ, તેનામાં પ્રાપ્ત કરવાની ઇચ્છા છે પરંતુ ત્યાગ કરવાની ભાવનાનો અંશ પણ રહી શક્યો નથી. આશા અનંત રહેલી છે તેનામાં, પરંતુ ઉત્સાહની ઊષ્મા દૃષ્ટિગોચર થતી નથી. નિરુત્સાહી, નિષ્ક્રિયતા, પાથેય ગ્રહણ કરવાની દૃષ્ટિભિન્નતા, ઈત્યાદિ અનેક કારણો માનવના માનવીય વિકાસને રૂંધનારાં બની રહ્યાં છે. ભૌતિકના વા વંટોળીયાના સપાટામાં આવી ગયેલ માનવ પોતે પોતાના મૂલ્યાંકનને વિસારી રહ્યો છે.

ભભકાની ભૂલભૂલામણીમાં ગોથાં ખાઈને પોતાને નિષ્કલંક માર્ગથી પથભ્રષ્ટ કરી રહ્યો છે. પોતાની જાતને આવી વિષમતાની વિંધ્યાટવીમાંથી પાર થવા માટે મનુષ્યે પોતાને યોગ્ય પરમ સુંદર પાથેયનો સંગ્રહ કરી લેવો આ સમયે અરે....

નહિ લેખાય! જ્યારે કે પોતાને સ્વસ્થ, સુદૃઢ, સુડોળ મળ્યો છે નરદેહ. તન, મન, ધનને પાંગરવા માટે જૈનધર્મરૂપી અતિ ઊંડાણવાળા જળકૂપોથી સ્વચ્છ નિર્મળ પાણી પ્રાપ્ત કરવાની મળી ગઈ છે જોગવાઈ, સાથે જ સાંપડી છે સુદેવ, સુગુરુ અને સુધર્મના સંપર્ક સાધનથી પોતાની પુનિત સાધનાને સભર કરવા માટેની સુખદ વેળા, તેવા સમયે નશ્વર પ્રાપ્તિના, નષ્ટ-ભ્રષ્ટ થવાના આંધળા, લુલા પ્રયાસો કરે! જે માનવીય પ્રવૃત્તિઓની દેવલોકમાં રહી અખૂટ આનંદ લૂંટનારા દેવ અને દેવેન્દ્રો પણ ઝંખના કરે છે, તે મહામૂલ્યવાન દેહને વેડફી નાંખવાના પ્રયત્નો માનવના માટે કલંકયુક્ત છે. એની એ નશ્વર પ્રાપ્તિના પાછળ એક નહિ પરંતુ સાત સાત પ્રકારના ભયો ઝઝૂમી રહેલા હોય છે.

સદ્ધ્યાનથી પર રહેવાથી અથવા તો સદ્‌જ્ઞાનના અભાવે જ માનવ ભયમુક્ત જીવન વ્યતિત કરવા ભાગ્યશાળી થતો નથી સદ્‌જ્ઞાન કે સદ્ધ્યાનના તેજપૂંજને પ્રાપ્ત કરતાં પહેલાં ભેદ, શક્તિ અને અભિવ્યક્તિને નિહાળી લેવી આવશ્યક છે ધ્યાન અને જ્ઞાનના ભેદો ઘણા છે. છતાં શાસ્ત્રીય પદ્ધતિએ તેના બે ભેદો કરી લઇએ. એક સદ્ધ્યાન અર્થાત્ ધર્મધ્યાન અને શુક્લ-ધ્યાન, બીજું દુર્ધ્યાન એટલે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. જે ધ્યાનથી આત્માની ભૂખ ભાંગે તે સદ્ધ્યાન અને જે શરીરની સંખ્યાને વધારે તે દુર્ધ્યાન.

મનોમંથન કરી નિષ્કર્ષ કાઢવાનો છે કે ગંગા કઈ બાજુ જઈ રહી છે. મનોવિચારની એ ગંગા કયા ક્ષેત્રને પ્લાવિત કરી રહી છે? જ્યાં અને જ્યારે તેનું જ્ઞાન થશે ત્યાં અને ત્યારે સદ્‌જ્ઞાનની નિર્મળ ગંગા વહેતી થવા માંડશે, તેના અવિ-રત વહેતા ધોધથી આત્મજ્ઞાનની અત્યુત્કટ વિજળી ઉત્પન્ન થશે અને તેના પ્રકાશથી ત્રણ ભુવન ઝળહળી ઊઠશે. ત્રણ ભુવનના દર્શનની દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થશે અને ભૂણના નિકંદન માટે કદમ આગળ મંડાશે,

તારો પુરુષાર્થ.

તારું પરિણામ.

તારી શક્તિઓ જગાવશે, એ પરમેષ્ઠિ ભગવંતોનો સુખદ ને કર્ણપ્રિય ગુંજારવ. એવા પરમેષ્ઠીઓની પ્રશંસા કરતાં તારી જીહ્વા થાકવી ન જોઈએ! એ પરમેષ્ઠીઓના જ ગીતો ગા.

ગાફેલ........માથે ચડેલા એમના ઋણને ચુકવવા પ્રયત્નશીલ થઈ ઉદ્યમ કર, એ માંગનાર નથી પણ આપનાર છે, પરંતુ તારી સભ્યતાનો પરિચય તારે જ આપવાનો છે.

પર્વાધિરાજ પર્યુષણાની પધરામણી એ માટે જ થઈ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તને પવિત્ર કરવા એ આવે છે. આરાધના કર, આરાધક બન, જિનશાસનનું મહિમાવંતુ આ પર્વ છે એ મનથી ઘડીભર પણ ન વિસર.


નમસ્કાર આરાધના જિનશાસનની આરાધના છે, પર્યુષણની આરાધના જિનશાસનની આરાધના છે.

નવકારમય જિનશાસન છે અને એ જ જિનવચનનો ધોરી માર્ગ છે.

પર્યુષણ પર્વાધિરાજ એ જિંદગીનો સરવાળો છે. વર્ષમાં એક જ વાર આવવાનું ઠીક ઠીક વખતનું આ મહાપર્વ એની આરાધનામાંથી બાદ કે ભાગાકાર! એમાં ગુણાકાર ખા ખા! ખાનદ ખા!

માનવે શાળી શાહ!

જિંદગી માર્ગ એક જ છે!



અંતરનાં મંદિર અજવાળીએ

સુખની સુખવત્તાનો ખ્યાલ દુઃખનો અનુભવ થયા પછી જણાય છે અને અંધકારનો અનુભવ થયા પછી પ્રકાશનું મૂલ્ય સમજાય છે એમ સુખ–દુઃખ, અંધકાર–પ્રકાશનાં દ્વન્દ્વો નિયમિત ચાલ્યા કરે છે.

માનવજગતને જ્યારે અંધારૂં આવરી રહ્યું હતું એ ખરે સમયે જ સહસ્રરશ્મિ દિવાકર ક્ષિતિજ પર દેખાયો. એ ઉગ્યો, ખરે બપોરે તપ્યો, નમતા પહોરે નમ્યો અને અસ્તંગત ગયો. એ રીતે એક મહાપુરુષે પોતાનાં આચરણ, સાધના અને જ્ઞાન દ્વારા લોકોને પ્રકાશ આપ્યો અને છેવટે અસ્તંગત થયો. એની યાદ આજ સુધી ભુલાઇ નથી. એનો પ્રકાશ–તેજસ્વિતા લાખ-લાખ સૂર્યો કરતાં પણ વધુ હતી. સૂર્ય નિશાના સમયે અદૃષ્ટ રહે અને આ તો દેખો ત્યારે દિવ્ય પ્રકાશપુંજ પાથરતો જણાયો. ચંદ્રની શીતળતાને શરમાવું પડ્યું, એની શીતળતા સામે, કારણ ? સૂર્ય વિકાસી ઉત્પલોની ખુશી હતાશામાં ફેરવાઇ ગઈ.

ચંદ્ર શીતળ છે છતાં જ્યારે આ શશિકરે તો પોતાના શીતળ કિરણો વડે સંસારના સંતપ્ત પ્રત્યેક જીવોને ઠંડક (ટાઢક) પહોંચાડી. નામ તેનો નાશ. આવનાર જવાનો. વહેલો યા મોડો પણ જવા માટે જ આવ્યો છે. એટલે કોઈપણ સંજોગોમાં રહી શકે જ નહિ પણ જતાં જતાં એ વિચારોનો પરિમલ, વાણીની સુખડી, અને આચાર પાલનનું અમૃત મૂકીને જાય છે.

એટલે જ એની અમર યાદ સદાને માટે સ્મૃતિપટ પર શાશ્વત રહી જાય છે.

એ પુણ્ય પુરુષોની યાદ અપાવતી ક્ષણ, ઘડી, સમય અને દિવસ દિવ્ય પ્રેરણા આપી જાય છે ત્યારે એ ઘડી સોનેરી કહેવાય, એ દિવસ લાખેણો ગણાય, એ સમય મોંઘેરો મનાય.

આબાલવૃદ્ધ તૈયારીમાં પડ્યા હોય છે એવા સમયે ઘરોને શણગારવામાં દીપકોની ખબર લેવામાં, ચોપડા નવા કરવામાં કલમની નૂતનતામાં! શાહીના ખડિયા સાફ કરવામાં! નવું વર્ષ નવી લેખણે લખવાની તાલાવેલીમાં! સમજાઇ ગયું હશે કે આટલી તૈયારી કયા દિવસે કરાય છે? એ દિવસ છે દીવાળીનો, દીપ માલિકાનો. દીવડાની હારમાળા પ્રગટાવવાની આ પ્રવૃત્તિની પાછળ છે છુપાયેલું રહસ્ય. જાણે છે સૌ કોઇ કે સૂર્યોના પ્રકાશને પાછળ રાખનારો, ચંદ્રની શીતળતા અને નિર્મળતાને શરમાવનારો દિવ્ય જ્યોતિર્ધર અસ્ત થયો હતો એ દહાડે, જેની રાહ જોતો રહે છે માનવ મહેરામણ.

જગત ગુરુ, જ્ઞાત પુત્ર, શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવે મુક્તિ વરી હતી તે દિવસે.

આગ લાગતાં દારૂ ફૂટી નીકળે, ફટાકડા ફાટી જાય, તેમ ઉત્કૃષ્ટ તપની અગ્નિવડે કર્મોના ભડાકા જેણે બોલાવી નાખ્યા.

આંતર બાહ્યથી જીવનમાત્રના જીવનતંત્રને પ્રકાશ પહોંચાડનારો ભવ્ય ભાનુ આથમી ગયો. અંધારું પથરાઈ ગયું સંસારમાં ચારે તરફ. માર્ગદર્શક ગયા, વિહ્વળ બન્યો ભક્ત, ઉપાસક, આરાધક સમુદાય. અમાવાસ્યાની કાળી ભયંકર રાત આવી, વસમી ઘડી ક્ષણોને લાવી! હશે. દેવ ગયા, દેવત્વ તો મૂકીને જ

ગયા છે ને? દેવત્વ અને મનુષ્યત્વનો સાર સંભળાવીને ગયા છે ને?

કોઈ જાણી શક્યું ન હતું કે હમણાં કૃષ્ણપક્ષ ચાલે છે અપૂર્વ દ્યુતિની જ્યાં રંગોળી પ્રસરી રહી હતી. એકદમ અંધકારને દૂર કરવા સૂરનરોએ દીપકોનો ઉદ્યોત કર્યો! ભાવદીપક ગયા. તો દ્રવ્યથી જ રહો. અજવાળું મેળવીને પ્રકાશિત કરીશું જગત્ આખાને! પ્રકાશમય કરીશું આપણા જીવનને!

એ દીપકોનો ઉદ્યોત અદ્યાપિ પર્યંત બરાબર ઝળી રહ્યો છે છતાં સૌ કોઇ પૂછે પોતાના અંતરાત્માને!

નિહાળી લ્યે પોતાના હૃદય મંદિરને. શું એ પ્રકાશ અંતઃસ્તળને સ્પર્શી શક્યો છે ખરો?

ઘર સાથે મનને કેટલું શણગાર્યું? કે પછી એમનું એમ જ હવાતીયાં મારી રહ્યું છે એ મન?

દીપકોની સંભાળ સાથે વાણીની પણ સંભાળ લીધી છે કે તેમાં કેટલી મધુરતા વ્યાપી? કે પછી અંધાધુંધ વચનવિલાસ ચાલુ જ છે?

ચોપડા અને કલમની તૈયારી કરતાં તનના ચોપડા માટે સદાચરણરૂપ કલમની તૈયારીની ખબરદારી રાખી છે? કે પછી અનાચરણોને ઉઘાડે છોગે આવકાર આપી રહ્યા છો?

શાહીની નૂતનતા સાથે જીવનના ખડીયામાં સદ્ભાવોની સ્યાહી મેળવવાની તકેદારી રાખી છે? કે પછી દુર્ભાવના અને દુર્વાસનાને વસવાની રજા આપી છે?

દીવાળીનો દિવસ આમ વિચારશીલ બનવાની પ્રેરણા આપી જાય છે. મૌનપણે કરે છે કર્મનો કોટ ઉડાવવા તપ કરવાની ભલામણ! આપે છે દિવ્યજ્ઞાનજ્યોતિને મેળવવા પરમ પુરૂષાર્થી બનવાની શીખામણ! દઈ જાય છે કોઇપણ પ્રકારની વિષમ સ્થિતિ ઉભી ન થાય એ માટે જીવનના ચોપડા નવા વર્ષે નવેસરથી લખવાનું ઉદ્બોધન! કરી જાય છે અંધારામાં ભટકી ન જાઓ, માટે જ્ઞાનદીપક પોતાના અંતરમાં પ્રગટાવાનું સંબોધન

પ્રભુવીરના સંસ્મરણમાં પેટાએલા દ્રવ્ય દીપકોથી ભાવપૂર્વક અંતરના મંદિરને ઝળાંહળાં કરી લેવાની આ અમૂલ્ય ક્ષણ, ઘડી, દિવસ છે. પ્રેરણા પ્રાપ્ત કરીએ. સમયની સાર્થકતા કરીએ અને વિશ્વમૈત્રી, શાન્તિ, સ્નેહ, સદ્ભાવ, સદાચરણના દીપકોથી સૌ કોઇ અંતરના મંદિર અજવાળીએ.



અંતરના સાગરને ઉલેચજે

માનવ !

આ શબ્દ કહેતાં કહેતાં ગળું ભરાઈ જાય છે !

કેટલું રૂપાળું લાગે છે આ શબ્દ અંકન !

આહ ! કેટલું નમણું શોભે છે આ વિશેષણ !

શોભે જ ને !

માનવ !

પૂર્વના પૂન્યનો દાબડો ભરી લાવ્યા છીએ સાથે ભાઈ !

એટલે જ કહેવું પડે છે કે આ સુંદર વિશેષણનો ઉપયોગ કર વિશુદ્ધતાના રાજમાર્ગ પર પહોંચવામાં.

સાંભળ્યું છે ને ?

સમુદ્ર ઉલેચાયો ત્યારે કેટકેટલી વસ્તુઓ મળી હતી ?

જો મંથનમાંથી જ મહત્ત્વાકાંક્ષાઓ વધી પડી હતી. વધી ગયેલી મુરાદો બર લાવવામાં બધા ય પરિપૂર્ણતાને તો ન જ પહોંચી શકયા. વર્તમાન જગત પણ પોતાની આશાઓ સફળ કરવા સર્વ પ્રકારેણ ઝઝૂમી રહેલ છે.

છતાં અપૂર્ણતાનાં જ એંધાણો પ્રતીત થતાં જાય છે.

મંથન કર્યા પછી પૂર્ણતા કોને વરી ?

એ પણ જાણ્યું છે ને? જેણે મંથનના અંતસ્તલને સ્પર્શી લીધું એવા જ્ઞાની અને અનુભવીઓએ પૂર્ણતાને પ્રાપ્ત કરી.

પછી એમને કોઈ પણ આસક્તિઓ આકર્ષિત ન કરી શકી. એ બની ગયા પૂર્ણાનંદ. કર્મચક્રથી મુક્તિ મેળવી પ્રવેશ કર્યો ધર્મચક્રમાં અને પ્રતિષ્ઠિત થઈ ગયા સિદ્ધચક્રમાં.

જે પ્રથમથી જ સારા ખોટાનો ભેદ જાણી જાય, અમૃત ઝેરના અંતરને માપી લીધા પછી અમૃત જેવા સારાને–સાચાને મનસા, વચસા કર્મણાથી સ્વીકારી લ્યે તે જ્ઞાની.

જે ઠોકરો ખાધા પછી રસ્તા ઉપર ચાલવા માંડે તે અનુભવી.

આવા જ્ઞાની અને અનુભવીઓએ દેખ્યું અને અનુભવ્યું ત્યારે જ કહ્યું કે ભીંત ભૂલે છે માનવ! રત્ન આપીને કાચનો ટુકડો લેવાની તાલાવેલી લાગી છે માનવ તને!

હજુ નથી સમજ્યો તું આ તનની કીંમત? નથી દેખાતી કીંમત આંકવાની તારામાં હિંમત. તને લાગ્યું છે "આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા."

મંથન કરી જ્ઞાનીઓએ જે પૂર્ણતાને વરી તે મુજબ બોલ ને ભાઇ?

ક્યારેય તેં પણ અંતર સાગરને ઉલેચવાની તૈયારી કરી છે ખરી? જો કરે તો જ તને મળે તેમાંથી નવી શક્તિ સ્ફૂર્તિ. તે વિના બધું વ્યર્થ છે.

કર તો મળશે, મહેનત તો પડશે જરૂર પરંતુ ફળ પણ મીઠાં જ મળશે. આજ સુધી મહેનત કરનાર કોઈ ય પાછળ તો રહ્યા જ નથી. જેમણે કરી છે મહેનત, જેમણે સાધ્યું છે સાધ્ય, જે સામી રહ્યા છે નિજ સાધ્યને એવા પુરુષોત્તમના શરણે જઈ લઈ લે આલંબન એમનું, પછી તને જણાશે કે ફતેહ તારી છે. સફળતા દેવી તને સામે પગલે વરવા આવશે.

અંતરનો એ સાગર ઘણો જ ઊંડો છે. આત્મગુણોદ્યોતક સદ્ગુણાવોના રત્નો એમાં જ રહેલાં છે. શમ, સંવેગનાં અમૃત-કુંભો એમાં જ સમાયેલા છે.

એ દેખી શકાશે તને તેં લીધેલા પરમ શ્રેષ્ઠ અને શુદ્ધ આલંબનથી.

સાધના માર્ગના ઉપદેષ્ટા, 'તિન્નાણં તારયાણં'નો સુમેળ સધાયો છે જેમનામાં, દ્રવ્યભાવ એ બે રીતે, એવા અરિહંત ભગવંતો, સાધના કરતાં કરતાં પરમસિદ્ધિ મેળવી ગએલા સિદ્ધ ભગવંતો, સાધના માર્ગમાં પ્રકૃષ્ટ ભાવોથી દ્રવ્યભાવે પ્રવૃત્ત પરમાદરણીય ગુરુવરો, પૂ. આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયવરો અને સાધુ મહારાજાઓ.

આમ આ પંચપરમેષ્ઠિમય ધર્મચક્ર તારી નજર સામે છે.

જેમણે શીખવી જીવવાની કળા.

જેમણે સાધનામાર્ગ ચીંધ્યો સંતપ્તાત્માઓની શાંતિ માટે.

જેમણે આપ્યું સાગર જેટલું, વળતું લીધું ગાગર જેટલું તો શું પણ બિંદુ માત્રેય નહિ.

વ્હાલા ભાઈ?

ક્રૂર, મજુર, અને શૂર ત્રણ પ્રકારના માનવોની ગણના કરાઇ છે જ્ઞાનીઓના વચનોમાં.

દુનિયાદારીના સાગરને ઉલેચનારો ક્રૂર.

ભવસાગરને ઉલેચનારો મજુર.

અને અંતરના સાગરને ઉલેચનારો શૂર.

ક્રૂર વિચારવાળો હિંસક તિર્યંચોની શ્રેણીમાં ગણાય છે.

મજુર વિચારવાળો ભારવાહક જાનવરોની જોડમાં મુકાય છે અને શૂરતાના વિચારવાળો સાધના માર્ગના સરલહૃદયી દૃઢ-નિશ્ચયી સાધક જેવો ગણાય છે.

હવે બોલ!!

તેં અંતરસાગરને ઉલેચવા આવા શૂરાતનના ભાવોને ક્યારે ય કેળવ્યા છે? લાવ્યો છે ખરો?

આલંબનથી જ આ ભાવો આવે છે. માલ ઘણો ભર્યો હોય દુકાનમાં છતાં ભાવ ન આવે તો શું વલે થાય એ માલની? દેખજે એવી દુઃખદ સ્થિતિ તારા અંતરસાગરમાં રહેલા માલની ન થાય.

જેવું લક્ષ તેવી સિદ્ધિ, જેવું ધ્યાન તેવું જ્ઞાન અને જેવા ભાવ તેવી પરિણતિ.

પહેલાં સહારો લઈ લે એ પરમ કરુણાવતાર પરમેષ્ઠિઓનો અને પછી મંડી જા અંતરસાગરને ઉલેચવા. મળશે, જરૂર જરૂર મળશે તેમાંથી આત્મગુણવૃદ્ધિ કરનારાં સુંદર રત્નો. બધું ય છે એમાં. મળે એને જ જે સાગરને ઉલેચે, મળ્યું છે એમને જ જેમણે એ સાગરને ઉલેચ્યો છે.



[૭]

દિવ્ય પ્રકાશ પ્રગટાવ કે જ્યારે....?

" જાગો આત્મા જાગ મિટાવો તિમિર જાગો "

જેવી ભાવના તેવી સિદ્ધિ, અને જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ! ભાવના શુદ્ધ તો કાર્યની સિદ્ધિ. ભાવના અશુદ્ધ તો પરિણામ શૂન્ય. જ્યાં જાઓ ત્યાં; પછી ભલે ભોંયરામાં રહો કે નિકુંજમાં, આકાશમાં ઊડો કે પાતાળમાં, ઘરમાં જાઓ કે બહાર, પુણ્ય પ્રતાપ હોય જ્યારે અશુભ અને અશુદ્ધ ભાવનાનો, પછી તો બાપડી શું કરે? પછી તો પડે પડે આપત્તિના જ પહાડો અને દુર્ગતિના મીનારાઓ દૃગોચર થાય, દૂર રહે સંપત્તિના સરંજામો, એવી તે માનવને જ નહિ પ્રાણિમાત્રને અસહ્ય દુઃખના ગંજાગો, માર્ગ ભૂલે માનવ માનવતાનો, રાહ પકડી લે રાક્ષી દાનવતાનો! ઉપક્રમ કરે અમાનુષી અત્યાચારોનો, અને ભક્ત બની જાય ભૌતિક ભૂતાવળનો! સુખ દૂર! શાંતિ દૂર! ઠરીને બેસવાનું ઠામ પણ દૂર!! ભય, આતંક અને આક્રંદ. રાત–દિવસ ચક્કર મારતાં રહે એ પંથ ભૂલ્યા પથિકના ચારે બાજુ, પરંતુ....!

પરંતુ જો હોય શુભ નિષ્ઠા, સાત્ત્વિક અને શુદ્ધ ભાવના; જે પ્રાણીમાં તે ન હોય ગભરૂ, ન હોય આતંકથી ડરનાર કે ન છોડે પોતાના યથેષ્ઠ રાહને.

એ ભાવના પાછળ હોય દીર્ઘ દૃષ્ટિ! પરમ શાન્ત સુહૃદ સ્વર! સ્નેહ, સહયોગ અને સુમેળની સરસ સાંકળ! જેના

આધારે માનવ પૂર્ણ અનુગામી બને માનવતાનો ! એટલી અતૂટ, અખૂટ શક્તિ રહેલી છે શુભ, સરસ, સરળ ભાવનાની સાંકળમાં ! એનામાં આકર્ષણ પણ એટલું કે વર્ણવી ન શકાય ! માનવમાત્ર પોતાના જીવન કમળને સૌરભિત શુદ્ધ અને સ્વચ્છ બનાવવા આકર્ષિત થઈ દોડી આવે !

પછી એ સરળ, શુદ્ધ, સાત્વિક હૃદયી માનવને નથી જરૂર પડતી કોઈ મંત્ર-તંત્રની કે નથી આવશ્યકતા રહેતી યંત્રો ચિત્રિત કરવાની !

એના માટે સર્વશ્રેષ્ઠ પરમ મંત્ર એક જ હોય નમસ્કાર મહામંત્ર ! સર્વશ્રેષ્ઠ યંત્ર હોય સિદ્ધચક્ર મહાયંત્ર !

જેનું સ્મરણ, આરાધન આવશ્યક છે. સ્વાવલંબી જીવન બનાવવા માટે જીવનનો મહામૂલો પ્રાણવાન મંત્ર હોય પ્રાણી-માત્ર પ્રત્યે સન્નિષ્ઠા, સત્પ્રેમ !

કેટલાય મંત્રો હોય આ દુનિયામાં; પછી ભલે એ વશી-કરણના હો કે સમૃદ્ધિકરણના ! સરસ્વતીને સમજાવવાના હો કે લક્ષ્મી મેળવવાના, પરંતુ એ સર્વ મંત્રોમાં શિરતાજ કોઈ પણ છે તો તે ફક્ત એક જ અને એ શ્રી નમસ્કાર મહામંત્ર !

જેના બળે શૂળીનું સિંહાસન થયું સુદર્શન શેઠના માટે, જેના પ્રભાવે કુષ્ટ રોગથી પીડિત શ્રીપાળકુંવર પામ્યા સ્વર્ણ સરીખો સુંદર દેહ. જેની પ્રભાથી અગ્નિમાં સ્વાહા થઈ રહેલા ભૂજંગને બચાવી ધરણેન્દ્ર બનાવ્યો હતો પાર્શ્વકુમારે જેની અલૌકિક શક્તિએ મૃત્યુના મુખમાં ધકેલવા માટે યોગ્ય ગણા-યેલ અમરકુમારને બનાવ્યો હતો અમરપુરનો અતિથિ !

આટ આટલી પરમ ઉપકારી જેનામાં રહેલી છે અનુપમેય શક્તિ, એવા નમસ્કાર મહામંત્રથી પીછેહઠ કરી રહ્યો છે વર્તમાનના વિજ્ઞાનયુગનો માનવ મહેરાણ.

આજના માનવને જોઈએ વિના પ્રયત્ને સિદ્ધિના દેનારા મંત્રો ! ભલે જોઈએ, પરંતુ એ નક્કર સત્ય પણ ન ભૂલાવું જોઈએ કે એ મહામંત્રને ભૂલનાર ખોઈ રહ્યો છે પારસમણીને અને મેળવી રહ્યો છે કાચના એક ટુકડાને.

કેટલો પ્રભાવપૂર્ણ છે એ મહામંત્ર ! જૈનશાસ્ત્રોનો સાર જેમાં સમાઈ જાય છે. અરે આખું જૈન શાસન જ નવકારમય છે. એટલે જ તો તેને કહેવાય છે ‘ ચૌદપૂરવનો સાર. ’

રાત, દિવસ, ચાલતાં, બેઠતાં, ઊઠતાં, ઊંઘતાં, અનેજાગતાં એ મહામંત્ર જે શુદ્ધહૃદયીના ગળાનો હાર બની રહે છે તેના સામે પછી બીજા બધાય મંત્રોનો રકાસ જ સમજો.

જે જીવનમાં જ્યારે મંત્રાધિરાજ ભાસ્કરનો દિવ્ય પ્રકાશ પથરાઈ જાય ત્યારે અન્ય મંત્રો ક્યારે પણ વિકસ્વર થઈ શકે નહિ અને ક્યારેય અંધકારની ભેખડો ઊભી થઇ શકે નહિ એ જીવનમાં !

અપરિમિત, અસાધારણ અને અપરંપાર છે મહિમા એ મહામંત્રની !

ભાવના સહ આરાધિએ એ મહામંત્રને !



અંતરના પ્રેમથી આરાધીએ

'પધાર્યા?'

ભલે પધાર્યા પર્વાધિરાજ ભલે પધાર્યા!!

હર્ષ ઘેલું હૈયું નાચી રહ્યું છે.

વક્ષસ્થળ ફુલાઇ રહ્યું છે.

ભાવોની માળાના ગંજ ખડકાતા જાય છે.

મન, વચન અને કાયા તલપાપડ બન્યા છે આપના સ્વાગત માટે.

ઘણો વખત વીતી ગયો આપની પધરામણી પૂર્વે થઈ હતી પરંતુ હું ઘેલો હતો, મને ઘેલછા વળગી હતી, લત લાગી હતી, લ્હેજત માણતો હતો, મોહમાં ચકચુર હતો, મદથી ભરપુર હતો, માયાની ઘેલછા વ્યંતરી બનીને મને ફોલી ખાઈ જઇ રહી હતી. રાગના રંગની લત પડી હતી. મારી સગી આંખે દેખાય તેજ મારૂં અને એજ મારી લહેજત હતી.

પરંતુ અવધિનોય આંકો તો આવે જ ને?

આખરે આંકો આવી ગયો.

સમય પાકી ગયો.

ભમતાં ભમતાં થાકી ગયો ત્યારે.......

ત્યારે એને જ સત્ય સમજ્યો [illegible], [illegible] એનો [illegible] કે મેં [illegible] [illegible]. [illegible] [illegible] ન સમજ્યો. [illegible] ઉપર વિશ્વાસ ન રાખ્યો અને એટલે જ ભટક્યો.

પર્વશિરોમણિ પર્વાધિરાજ !

આ સત્ય આપની જેમ જેમ પધરામણી નજીક આવતી જાય છે તેમ તેમ સમજાતું જાય છે. મૂલ્યવાન મનુષ્યનો ભવ, અથાગ પરિશ્રમે પ્રાપ્ત આર્યભૂમિ, પુણ્ય પ્રબળતાએ સાંપડ્યું પ્રબુદ્ધ જીવન, જાગૃતિના જોગે મળ્યો જિનેન્દ્ર શાસનની આરાધનાનો સુયોગ, વીતરાગમાર્ગના ઉપદેશા નિષ્કપટી, નિઃસ્પૃહી, માનસવાળા સદ્ગુરુનો સંયોગ, જગત્ વિજેતાની નય અને નિક્ષેપના રંગે રંગાયેલી વિશુદ્ધ વાણીની સૌજન્યતા, આરાધ્યની આરાધના માટે દુઃખરહિત દેહની સંપ્રાપ્તિ, આટલું બધું ય મળ્યું જે દરેકને સામાન્ય રીતે મળવું દુર્લભ છે.

છતાં બાળજીવન જીવનાર મેં શું કર્યું ?

કર્યું તો ઘણું ય પણ રસ રહિત કર્યું.

ભાવનાનો રસ તેમાં ભેળવ્યો નહિ. રસ ન પડે ત્યાં સુધી ઇચ્છિત મધુરાપન દ્રવ્યમાં આવે પણ શી રીતે?

મેં સામાયિક, પ્રતિક્રમણ ઘણાં કર્યાં છતાં મારી દશા કેવી ?

હજુ સુધી એટલું પણ સમજ્યો નહિ. કે સમભાવ કેવો? અને વળી એ કયા ઝાડનું મૂળીયું છે? જોર જોરથી મિથ્યા દુષ્કૃત્યની માફી માંગી, છતાં કપડાં ખંખેર્યાં કે એની એ દશા! શું ભૂલ્યો છું હું ?

કંઇ કહેવાનું જ નથી. કેટલું કહું ?

જિનશાસનમય તમે છો. તમારી આરાધના એ જિન-શાસનની આરાધના છે એટલે તમે મોટા.

હું વિગતથી વિગત વાતો સંભળાવું છું, મને શાંત્વના પણ તમારાથી જ મળવાની છે.

જિનેન્દ્ર શાસનનો રાજમાર્ગ કઈ બાજુ રહ્યો? એ જ સમજાતું નથી. માનવતાના રક્ષકોનો હ્રાસ! પછી શું સમજવું?

નમે એ બધાયને ગમે, કહું છું પણ નમતો નથી, નમી જાઉં તો ભેદ રહે જ શાનો?

ઘણું ગાતો ફર્યો કે ક્રોધ ચંડાળ છે, જ્વાળામુખી છે, એને તો ઠંડો જ રાખવો. એ ફાટે તો લોકોમાં ફફડાટ ઉભો કરે છતાં આજ પર્યંત તેમાં ઉણપ તો આવવા જ દીધી નથી. ક્રોધ પોતાના સામ્રાજ્યની સીમા વધારતો જ રહ્યો છે.

કરોળીયાની જાળની ઉપમા આપી માયાથી વેગળા રહેવાનું જોર જોરથી કહેતો રહ્યો છું; એ જાળને ભેદી નાખવા માટે ઋજુભાવની કાતર હાથમાં રાખીને ચાલવાનું કહેતો જાઉં છું; પરંતુ તેનાથી શું સર્યું? ખાવાના ને બતાવવાના દાંત જ બીજા રાખ્યા છે.

રાક્ષસને કોઈ અડશો નહિ, એનો સાથ કોઈ કરશો નહિ એવા લાંબા બણુગા ફુંક્યા, પરંતુ પરિણામમાં એ જ લોભ-વૃત્તિના સકંજામાં હું પોતે જ સપડાઈ પડ્યો.

જિન પ્રવચનોમાં કેટલું સત્ય નક્કર રીતે સમાયેલું છે તેનું જ્વલંત પ્રમાણ તમારા આગમન પહેલાં જ તમારી મહત્તાને સાંભળીને મારી નયનેન્દ્રિય નિરખી રહી છે.

છતાં ય, પર્વાધિરાજ !

ક્યાં છે એ જ્ઞાન મારામાં? કે સમ્યગ્જ્ઞાનનો દિવ્ય પ્રકાશ! કે જેથી એ નક્કર સત્યને સ્વીકારી પોતાની જાતને સુધારી લઉં. જ્યાં સુધી એને સમજીને સાધ્ય માટે આલંબન ન લેવાય ત્યાં સુધી આરાધનાના માર્ગથી ઘણે જ દૂર છું હું.

હું પદની સુંવાળી સહેજમાં ઘણું ઉંઘ્યો છું, એટલે જ મને કંઇ પણ દેખાતું યા અનુભવાતું નથી.

કારણભૂત હું પોતે જ છું કે આરાધનાના માર્ગથી આમ અળગો રહ્યો.

પણ હવે થોડું સમજાયું છે કે અતીતનો ઉદ્ધાર કરવા માનવનું તન અને આ ચંચળ મન મળ્યું છે. એની ચંચળ અને ચપળવૃત્તિને નાથવા માટે અને ઐક્ય સધાય તે માટે ખરેખર પર્વાધિરાજની આરાધના શ્રેયસ્કર પ્રતિત થઇ ગઇ છે. જેની આરાધનાના બળે ક્રોધ શમી જાય, માન નમી જાય, માયા ભમી જાય અને લોભ થંભી જાય, જ્ઞાનનો ભાનુ ઝળહળી ઉઠે અને નક્કર સત્ય સમજાઈ જાય.

સદોષીને નિર્દોષી અને નિર્દોષીને અદોષી બનવા માટે, પર્વાધિરાજની પુનિત આરાધના સદ્‌ભાવભક્તિપૂર્વક સવિધિ કરવા જેવી છે. જે કરે તે તરે એમાં શંકાને સ્થાન નથી.

આવો પધારો પર્વાધિરાજ
અંતરના પ્રેમથી આરાધિયે.



જૈન કોણ ?

દુઃખથી મુક્તિ મેળવવી અને સુખભણી આગળ વધવું એ અનાદિકાળથી પ્રાણીમાત્રમાં લક્ષ્યો બની રહ્યાં છે, છતાં તે માટે થતા પ્રયત્નોમાં તેઓ ક્યાં સુધી સફળ નિવડ્યા છે એ તો એના અંતરઆત્મપ્રદેશમાંથી પ્રાદુર્ભૂત પ્રવૃત્તિઓના આધારે જ સમજી શકાય છે.

જૈનધર્મ વિશ્વધર્મ છે. પ્રાણીમાત્રને પ્રકૃષ્ટગતિ તરફ પ્રેરિત કરવામાં તેણે આદિકાળથી પ્રમુખ રીતે ભાગ ભજવ્યો છે. ભવની કડવાશ જેણે અનુભવી અને તેથી છુટવાના મનોરથો સેવવા માંડ્યા જેણે તેના માટે જૈનધર્મે પ્રશસ્ત માર્ગોનું વિધાન કર્યું છે, અને પ્રત્યેકને પરવડે તેવા સરળ ઉપાયો પણ બતાવ્યા છે. તેમાં આત્મિક અને બાહ્યરી, આચારીક અને વ્યવહારીક ભેદોની પરિગણના કરીને દરેક રીતિએ સમજાવવામાં આવ્યું છે. જે કોઇ તે પ્રમાણે ચાલીને તે દ્વારા સાધ્ય સિદ્ધિની અપેક્ષા રાખે તે બરાબર તેનો લાભ ઉઠાવી શકે છે. એવો ઉદ્ઘોષ જૈનધર્મ અને જિન શાસનનો.

કોઇ પણ વ્યક્તિ જૈનધર્મનું આલંબન લઈ જિન શાસનની શીતળ છાયામાં જીવન યાપન કરીને સુખનો ભાગી બની શકે છે. જૈનત્વની ઝાંખી કરાવતા કેટલાક અવતરણો આલેખાય છે.

રાગ–દ્વેષાદિ અભ્યંતર શત્રુઓ પર વિજય મેળવ્યો છે જેણે, પરમાત્મપદ પ્રાપ્ત કરી ગયા છે જે એવા દેવ જિનેશ્વર અને એમની આરાધના કરનાર સાચો જૈન કહેવાય છે.

વીતરાગ વચનોથી એક શબ્દ પણ વિપરીત બોલાઈ જવામાં મહાન અનર્થ સમજનાર, તેનાથી થતી આશાતનાથી પ્રતિપળે ડરનાર અને પાપમય પ્રવૃત્તિથી દૂર રહેનાર સાચો જૈન કહેવાય છે.

પ્રાણીમાત્રને આત્મવત્ સમજીને તેમના સાથે સાથે નિજાત્મવત વ્યવહાર કરનાર સાચો જૈન કહેવાય છે.

અન્યાય અનીતિથી સર્વથા દૂર રહેનાર અને "न्यायसम्पन्न विभव:"નું દિવ્ય સૂત્ર ધ્યાનમાં રાખી ન્યાય માર્ગ પર પ્રચલન કરનાર સાચો જૈન કહેવાય છે.

ખાઈને ખુશી ન રહેતાં ખવરાવીને ખુશી થનાર અને વીતરાગ પ્રણિત માર્ગનું અનુસરણ કરનાર સાચો જૈન કહેવાય છે.

ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરી પેયાપેયનો નિર્ણય કરીને પછી જ ભોજનપાન કરનાર સાચો જૈન કહેવાય છે.

જીવનશુદ્ધિ અને આત્મશાંતિ જેનું પરમ ધ્યેય હોય અને તેની સિદ્ધિના માટે પ્રયત્નશીલ રહેનાર જ સાચો જૈન કહેવાય છે.

બીજાના ધનને માટીનું ઢેકું, પરસ્ત્રીને માતા, ભગિની સમજી પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરનાર સાચો જૈન કહેવાય છે.

પ્રાણીમાત્રને દુઃખી દેખીને તેમના દુઃખો દૂર કરવા માટે તત્પર રહેનાર સાચો જૈન કહેવાય છે.

જિનેશ્વરોની પૂજા કરવા માટે તત્પર, સદ્‌ગુરુજનોની સેવામાં કુશળ, અને ત્યાગમાર્ગ તરફ અગ્રેસર થનારો સાચો જૈન કહેવાય છે.

પ્રવૃત્તિમાર્ગનો પરિત્યાગ કરીને નિષ્કામવૃત્તિથી નિવૃત્તિમાર્ગનું અવલંબન લઈ અનુસરણ કરનાર સાચો જૈન કહેવાય છે.

ધર્મ માટે તન, મન અને ધન, સર્વસ્વ આપનાર અને ધર્મમાર્ગ પર અડગ બનીને ચાલનાર સાચો જૈન કહેવાય છે.

દુનિયામાં અનેક પક્ષાપક્ષાંતર અને પોતપોતાની વાતો કહેનાર ઘણાય છે, છતાં પણ કોઈના ભરમાવામાં ન આવીને સદ્‌ગુરુ દ્વારા પ્રદર્શિત સન્માર્ગ પર દૃઢપણે રહેનાર સાચો જૈન કહેવાય છે.

માલ મિલ્કત ન ખરચીને પોતાના સ્વધર્મી બંધુને જે વસ્તુની આવશ્યકતા હોય તેની પૂર્તિ કરી સ્વધર્મીને ચિંતા મુક્ત કરનારો સાચો જૈન કહેવાય છે.

સુદેવનો આરાધક, સદ્‌ગુરુનો ઉપાસક, અને સદ્‌ધર્મનો અનુપાલક સાચો જૈન કહેવાય છે.

ઈર્ષાથી અલગ, મમત્વથી મુક્ત અને વિષયકષાયોથી અલિપ્ત રહેનાર સાચો જૈન કહેવાય છે.

ક્રોધને ક્ષમાથી, માનને નમ્રતાથી, માયાને સરળતાથી, અને લોભને અકિંચનતાથી જિતનાર સાચો જૈન કહેવાય છે.

ત્રણ કાળ જિનેશ્વરના સવિધિ દર્શન-પૂજન કરનાર, યથાશક્તિ વ્રત પચ્ચખાણ કરનાર અને સદાચરણનો આચરનાર સાચો જૈન કહેવાય છે.

જેને સિદ્ધાંત શ્રવણની રુચિ હોય, જે ઉપયોગથી પ્રત્યેક કાર્ય કરતો હોય, અને જે પ્રાપ્ત લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતો હોય તે સાચો જૈન કહેવાય છે.

ભૌતિકવાદનો ભક્ત ન બનીને, આધ્યાત્મિકવાદનો અનુયાયી બનીને તે દ્વારા વાસ્તવિક લાભ ઉઠાવનાર સાચો જૈન કહેવાય છે.

ફેશનના ફંદાથી દૂર રહી સ્વસંસ્કૃતિના આધારે જીવન વ્યતીત કરનાર સાચો જૈન કહેવાય છે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ વ્રતોને આચરણમાં લાવનારો સાચો જૈન કહેવાય છે.

મનસા–વાચા–કર્મણા ત્રણેમાં વિચાર જુદા, વાણી વ્યવહાર જુદો અને ક્રિયા પણ જુદી કરનાર નહિ પરંતુ કથન પ્રમાણે કરનાર અને વિચરનાર સાચો જૈન કહેવાય છે.

સદ્જ્ઞાનમાં નિરંતર મગ્ન રહેનાર અને તેનાથી પોતાની યથેષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી આનંદ માણનાર જૈન કહેવાય છે.

"વિણઓ મૂલો ધમ્મો". વિનય જ ધર્મનું મૂળ છે, માટે પ્રત્યેક કાળમાં પૂજ્ય દેવ, ગુરુ, ધર્મ અને વડીલોનો સદાય ઉચિત વિનય કરનાર સાચો જૈન કહેવાય છે.

અશુભ ચિંતનનો ત્યાગ કરી શુભ ચિંતન તરફ આગળ રહેનાર સાચો જૈન કહેવાય છે.

પ્રમાદ–આળસને પહેલેથી જ દૂર કરી રાખનારો અને નિષ્પ્રમાદિ બની શ્રેય માર્ગે જનારો સાચો જૈન કહેવાય છે.

ધર્મને અબાધક ક્રય–વિક્રય જરૂર કરે પરંતુ પુત્રવિક્રય કે કન્યાવિક્રયથી હંમેશા દૂર રહેનારો સાચો જૈન કહેવાય છે.

જિન શાસનના અનુશાસનમાં રહી બાહ્યાભ્યાન્તર રીતે કોઈ પણ આરાધક પોતાનો ઉદ્ધાર સહેલાઈથી કરી શકે છે, અને આવા આરાધકો જ જૈનત્વથી શોભાયમાન થઈ જાય છે.

[૧૦]

જીવનનું પહેલું પાનું

માનવ !

તને પુસ્તકો ગ્રંથો અને પેપરો વાંચવાનો કેટલો બધો શોખ છે? ખરેખર હોવો જ જોઈએ.

સાચે જ તારા હાથમાંથી આજ સુધીમાં કેટલાય ગ્રંથો પસાર થઈ ગયા છે?

નાનામોટા પુસ્તકો, સાપ્તાહિક, પાક્ષિક, માસિક અને દૈનિક પેપરોનો તો સુમાર જ નહિ.

આજનો માનવ તો એને સમય પસાર કરવા પોતાનો ખાસ ખોરાક સમજે છે.

આ ખોરાકને પૂરો કરવા છાશવારે ને છાશવારે ગામેગામ શહેરે શહેર લાઇબ્રેરીઓ પુસ્તકાલયો અને વાંચનાલયોની સ્થાપના થઈ રહી છે.

જાતજાતના અને ભાતભાતનાં પુસ્તકો અને પેપરો બહાર પડી રહ્યાં છે. જેને તું હોંશેહોંશે વાંચવા પ્રેરાય છે. પછી ભલે એ ધાર્મિક હોય કે વ્યવહારિક, આધ્યાત્મિક હો કે ભૌતિક, ઉપન્યાસ હો કે ડી ટેક્ટીવ વાર્તાઓ.

પરંતુ તને ખબર છે? ધ્યાન છે? જરા જાગૃત થઈને દેખ. એ પુસ્તકોના પૃષ્ઠો તો તું વાંચે છે. પરંતુ ક્યારેય જીવનગ્રંથના પૃષ્ઠો વાંચવાનો પણ વિચાર કર્યો છે ખરો?

[illegible]

જીવનગ્રંથના સૌથી પહેલા પાના પર શું લખ્યું છે?

અહિંસા માનવતાની જનની અને સુખની કેડી છે.

આગળના પૃષ્ઠો ઉપર છે યમ, નિયમ અને વિવેકની હારમાળા.

એથીએ આગળ છે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ ભાવનાઓ.

તેનાથીએ આગળ આલેખાયેલ છે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને સંતોષ. એથી આગળ કંડારાયેલ છે ક્ષમા, નમ્રતા, સરળતા અને નિર્લોભતા.

આમ એક એક અધ્યાય અને પૃષ્ઠોની સુંદરતાથી જીવનનું સૌંદર્ય, માધુર્યભર્યું મઘમઘતું બની જાય છે.

આજ દુનિયા દુઃખના પહાડ નીચે કેમ આવી?

ક્યારેય તેં વિચાર કર્યો છે?

પહેલાની સુસ્થિતિ અને આજની દુઃસ્થિતિમાં કેટલું અંતર છે? આમ કેમ બન્યું? જ્યારે કે વર્તમાનમાં વિવિધ પ્રકારનું વિવિધ

દ્રષ્ટિકોણને સમજાવતું માર્ગદર્શન કરતું સાહિત્ય પ્રકાશમાં આવ્યું છે.

શાન્તિની છોળો ઉછાળતી પુસ્તકોની હારમાળા પ્રગટ થઇ અને જન જનના હાથમાં પહોંચી છતાં વિશ્વની આજ વિકટ પરિસ્થિતિ કેમ સર્જાઇ છે? કહેવું જ પડશે કે,

એ પસ્તકો અને ગ્રંથો ભલે માનવ માનવનાં હાથમાં પહોંચી ગયા અને એ દરેક જણે ભલે વાંચી લીધાં, પરંતુ તેમાં ભણતર જેવું ગણતર થયું જ નથી, પછી ચણતરના તો સાંસા જ પડે ને?

એ વિકટ સ્થિતિને અનુકૂળ બનાવવા માટે ગ્રંથોનું મનન, ચિંતન, પરિશીલન અને અનુશીલન કરી તેને જીવનમાં વણી લઈને જીવનગ્રંથોના પૃષ્ઠો પર લાગેલ કાળા ડાઘને સદ્ગુણરૂપ રબ્બરથી જેટલા બને તેટલા જલ્દી શુદ્ધ બનાવી લેવા જોઇએ. અને ત્યારે જ વિકટ સ્થિતિનો અંત આવવો સરળ થઈ શકશે.

કેટલુંય અધ્યયન કર્યું હોવા છતાં જ્યાં સુધી જીવનગ્રંથનું પહેલું પાનું તૈયાર નહિ હોય ત્યાં સુધી એ દળદાર જીવનગ્રંથ ક્યારે તૈયાર થશે? એ જ વિચારણીય છે.

જીવનગ્રંથને સમૃદ્ધ અને બીજા માટે પ્રેરણાદાયી બનાવવામાં જ જીવનની શોભા રહેલી છે, અને ત્યારે જ જીવતર જીવ્યાની સફળતા સમજી શકાશે.

માનવ!

ઊઠ! તારે ઊઠવાનો સમય આવી ગયો છે.

ઊંઘમાં રહ્યો તો રાઈના ભાવ રાતે વહી ગયાની જેમ પશ્ચાત્તાપ કરવો પડશે.



વચન મારે અને વચન તારે

માનવ ?

'તારી ઇચ્છા એ જ રહે   ને કે મને કોઇ કટુ શબ્દ ન કહે, મને સૌ મીઠા પ્રેમભર્યા આદરસૂચક શબ્દોથી જ બોલાવે, મારૂં કોઈ અપમાન ન કરે.

'તારી અભિલાષા એ જ રહે છે ને કે મારી વાત સૌ કોઈ માને, મારા વિચારોનો કોઇ વિરોધ ન કરે, મારી મનોભિલાષા પૂર્ણ થતી રહે, હું ચાહું તેમ થવું જોઇએ.

'તારા મનમંદિરમાં હંમેશાં એ જ વિચારો હિલોળા મારતા રહે છે, ને કે મારે કોની ગરજ ? હું કોઇના બંધનમાં શા માટે રહું ? હું શા માટે સ્વતંત્રતાથી જીવન યાપન ન કરૂં ?

'તારા દિલમાં એ જ ઉર્મિઓ ઉછાળા મારી રહી છે ને કે હું એટલે હું જ, કોણ માડી જાયો છે કે જે મને પહોંચી શકે ? હું ધારું તે કરી શકું.

ભાઈ મારા ?

આવું બધું ઇચ્છવું છે, અભિલાષાઓ સેવવી છે, વગર પાયાના વિચારોના કાચા પુલો બાંધવા છે અને મૃગતૃષ્ણા જેવી ઉર્મિઓનો દેખાવ માત્ર કરવો છે. અને એટલા માત્રથી તારે તારો ગુસ્સો અને ભુવાળ મઢી દેવા છે બીજાના માથે. શું આ યોગ્ય છે ?

આનો જ સાચો ઉત્તર અંતર આત્માને પૂછજે!

આરીસો સામે મૂકીશ કે તને તારૂં મોં દેખાશે.

અંતરના આરીસામાં થોડીવાર ડોકિયું કરીને દેખજે, તેમ પણ તને કંઈક અવનવું દેખાશે.

આળસના લીધે આરીસા ઉપર રજ ચોંટી જવા સંભવ છે; તેને કપડાના આર્દ્ર કરેલા ટુકડા વતી સાફ કરાય છે.

તેવી જ રીતે અંતર ઉપર પણ પ્રમાદના પ્રસંગથી ક્યારેક ક્યારેક તમોગુણનો કચરો ચોંટી જાય છે; એને દૂર કરવા સહુથી પહેલા સત્વ ગુણની અંજલી ભરી તેના ઉપર છાંટજે અને પછી શમગુણના કપડા વડે લુછી નાંખજે.

તારૂં પ્રતિબિંબ સ્વચ્છ થવા માંડશે.

કઈ જગ્યાએ કેવા પ્રકારના ડાઘ લાગેલા છે તેનું 'એક્ષરે' કરાવ્યા પછી કચકડાની પ્લેટ ઉપરથી સાધારણ રીતે સરળતાથી દેખી શકાય છે; તેમ જ્યારે અંતર પ્લેટ ધોવાઈ જશે, લૂંછાઈ જશે ત્યારે કંઈક દેખી શકાશે કે શુદ્ધ અંતઃકરણમાં કયા પ્રકારનો ડાઘ લાગેલો છે? કે જેના કારણે મારી સંગીન સ્થિતિ થઈ શકતી નથી.

દેખવા મંડીશ તો દેખાશે.

પછી સદાયના માટે એ ડાઘને તું લૂંછી નાખજે. જોજે તેના પ્રત્યે મોહિત ન થતો.

હાં, તો જીવનસાથી માનવ?

તારી ઈચ્છા જે પ્રમાણે છે તે પ્રમાણે તું કંઈ કરે છે કે

ઘર શણગારશો ક્યારે ?

માનવ !

બીજાના શણગારો જે બાહ્ય, ભૌતિક અને થોડા લલચામણા હોય છે તે દેખીને તું તારા મનમાં કેવી કેવી આશા અને ઇચ્છાઓના મિનારા ઊભા કરી દે છે ?

કોઇનું ઘણું સુંદર નિવાસસ્થાન દેખીને તું કેવી જાતના વિચાર વમળોમાં ગુંથાઇ જાય છે ? મારે પણ આવા શણગારો જોઇએ, આવું મકાન મારે પણ કરાવવું જોઇએ.

જાતજાતના અને ભાતભાતના અવનવા આવેગથી તારા નાનકડા મગજને તું વિશાળ યોજનાઓ ઘડી લેવામાં અને પછી તેને પૂરી કરી દેવા પૂરતો ઉપયોગ કરી લઇ પોતાની ઇતિશ્રી સમજી કૃતાર્થતાનો અનુભવ કરે છે.

જે ઘરના પાયામાં મૂળથી સીસું નાખીને મજબૂત કરાયું; જેના પાછળ સમય, સમજ અને સંપત્તિનો વ્યય કર્યો, તેમાં આનંદથી રહેવા માંડયું. દુનિયાને આંજી દે એવા સારા સારા આભૂષણોથી પાર્થિવ શરીરને ખૂબ શણગાર્યું !

આ બધું થયું શાથી ? ઉત્તર સ્પષ્ટ છે. તારી જે દેખાદેખી કરી લેવાની પ્રવૃત્તિ છે તેના જ લીધે. પરંતુ આટલું કરી લેવાથી સંતોષ માની લેવાનો નથી.

આ જે કંઈ કર્યું છે તે આંખો બંધ કરીને કર્યું છે અથવા જડશક્તિના પરિણામે થયું છે. ક્યારેક એકાંતમાં બેસીને પોતાના પ્રમાદમાં પોઢેલા ચેતનરાજને જગાડજે, ઢંઢોળજે અને પછી પોતાની આંતરિક શક્તિનો ક્યાસ કાઢજે.

શું આટલું શરીર શણગારવાથી મારું કામ ન પત્યું? શું આટઆટલા મકાન બંધાવી દીધા અને સુંદર રંગરાગથી ચિત્તાકર્ષક કર્યા, છતાં હજુ મારે બાકી છે?

હા, ભાઈ! હા.

કર્યું એ કોડીનું નહિ;

કરવાનું છે એ અમૂલ્ય કિંમતનું!

એમ જો પ્રસન્ન થવાતું હોત તો 'સિકંદર' શા માટે રડતો રડતો ગયો?

શા માટે નંદ રાજાનાં સુવર્ણ પહાડો નાકામયાબ સિદ્ધ થયા?

શા માટે ક્રોડ ક્રોડ દેવતા સેવા કરનાર હોવા છતાં સુભૂમ ચક્રવર્તિને સમુદ્ર સ્નાન કરવું પડ્યું?

આવા આવા માંધાતાઓના જીવન કવનો આલેખાયેલાં પડ્યા છે. જે ઘડીના છઠ્ઠા ભાગમાં તારી આંખ ઉઘાડી નાંખે તેવાં છે, પણ ક્યારે? જ્યારે તું બીજું પાસું દેખે ત્યારે!

મારો સીધો પ્રશ્ન છે તારા સામે કે બતાવ ભાઈ! આ શણગારો તારા પોતા માટે છે?- જો નથી તો તારા શણગારો ક્યા અને કેવા? એનો વિચાર કરવા કેમ બેસી જતો નથી?

કેટલો સમય આવી જાય કે તેનેય જ પસ્તાવાનો અવસર તારે દેખવાનો છે.

તારે ગોખી પાડેલા નિયમ કહી દેવાનો છે કે જે ચર્મચક્ષુથી દેખાય છે તેના માટેના શણગાર જુદા. તેનું ઘર જુદું. કારણ જે દેખાય છે તેનો નાશ થવાનો જ છે, પરંતુ જે ચર્મચક્ષુથી નહિ, અંતરચક્ષુથી દેખી શકાય તેના શણગાર અને ઘર કેવાં હશે? તે સમજવા માટે જ જ્યાં સુધી સમજ, સમય અને સંપત્તિનો વ્યય કરવા અંતર પ્રેરણા ન જાગે ત્યાં સુધી સમજી રાખજે કે હજી તું ભીંત ભૂલે છે.

જડશક્તિનો પૂજારી બન્યો છે તું !

ચેતનાશક્તિને નથી પામી શક્યો તું !

સરી જનારા શણગારો શા કામના ? સ્થાયી રહેનારા શણગારો જોઇએ.

જો તને તમન્ના જાગે સાચા શણગારોથી સજ્જ થવાની, તો પછી આવજે એવા નામચીન ઝવેરીઓની પાસે જે તને દીપી શકે તેવા યોગ્ય શણગારો માટે રત્નો આપી શકે.

એ ઝવેરીઓથી એવો સંબંધ સ્થાપજે કે જેથી તાણાવાણા એક થઈ જાય

જોજે એમને દૂરથી જ નહિ, પરંતુ હૃદય સિંહાસનારૂઢ કરજે.

એ છે પરમેષ્ઠિ ભગવંતો.

અ૦ સિ૦ આ૦ ઉ૦ સા૦ આ છે તેમનો સંક્ષિપ્ત પરિચય

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. આ જોગનો સાધારણ પરિચય.

જે ચેતનાશક્તિને પરિણામે આટલી ઊંચી શ્રેણિએ પહોંચવાને સમર્થ થઈ શક્યા છે.

જેમાં સિદ્ધ છે, સાધક છે, પ્રેરક છે, આલંબન છે.

શું નથી એમાં? બધું ય છે. ફક્ત ન્યૂનતા છે તારી પોતાની.

અરિહંતોએ કર્યું, સિદ્ધોએ પૂર્યું, આચાર્યોએ આચર્યું, ઉપાધ્યાયોએ આદર્યું, અને સાધુઓએ સાધ્યું.

શણગારોથી શોભાયમાન કરી દેવા પોતાના આત્માને એ પરમેષ્ઠિઓને પરમ આદર્શનારૂપે આંખો સામે રાખી પ્રવૃત્ત થવું જ જોઈએ.

બીજાનું દેખીને પોતાના માટે પણ હોવું જોઈએ તેવી દેખાદેખીની આદતને થોડોક વળાંક આ બાજુ પણ આપે તો? તો તારું ખમીર જોમવંતુ બની જાય.

તારા પોતાના શણગારો આ રહ્યા!

‘સામયિક વ્રત કરીને સમ અને શમને કેળવ.’

‘મર્યાદાઓનું અતિક્રમણ કર્યું હોય તો પ્રતિક્રમણ કર.’

‘ત્યાગના માર્ગે સંચરવાની શક્તિ મેળવવા અને આત્મગુણોની પુષ્ટિ માટે પૌષધ કરવામાં પ્રવીણ બન.’

‘પૂજ્યોની શ્રેણિએ પહોંચવા માટે પૂજ્ય-દેવગુરુઓની પૂજા કરતો રહે.’

‘આત્મશક્તિના સંગ્રહ અને દેહ દઢતા માટે બ્રહ્મચર્ય પાલન કર.’

'પામરું માગી શકે માટે દેવાં [illegible].'

'દુર્ગુણોના ફુંડાને ભસ્મીભૂત કરવા [illegible] કરવા પ્રવૃત્તિ કર!'

દેખ્યા! કેવા છે આ શણગારો!

નથી આની પાછળ રાજ્ય ભય, નથી ચોર કે ધાડપાડુઓનો ડર, નથી ખિસ્સાકાતરૂનો રંજાડ

બાહ્ય અને નાશવંત શણગારોમાં રાચવા કરતાં અંતરના અને સ્થાયી રહેનાર શણગારોનો સાજ ભેગો કરવામાં પ્રબળ પ્રયત્ન કરી કટિબદ્ધ થવું જ જોઈએ અને થજે.

માટીના માટે માટીનું ઘર હોય.

ચેતનના માટે ચૈતન્યવાળું ઘર હોય.

એ ઘરમાં રહી મર્યાદાપૂર્વકની શાન્તિ અને પુષ્ટિ પામી શકાય. પોતામાં, શક્તિવંત છતાં પવિત્ર અને દુર્ગુણોની માયકાંગલી પ્રવૃત્તિઓને ઝેર કરીને તેજસ્વિતા પ્રગટી જાય પોતાના ઘરમાં, એવા શણગારોથી જ દેદિપ્યમાન બને દેહ. મહાન લાભ મેળવી જાય આત્મા, અને મહા મહોત્સવ બની જાય જીવન આખું.

અવસરે ઘર શણગારે નહિ તેની શક્તિ શું કામની? તેની કિંમત શું? માનવ જીવન જેવું ઉચ્ચત્તમ જીવન મેળવી પોતાને શણગારે નહિ તેને કેવો સમજવો? નિર્ણય તારે જ કરવાનો છે.

મારો તો તારા સામે ફરીફરીને સીધો પ્રશ્ન એ જ છે કે બોલ ભાઈ!

ઘર શણગારશો ક્યારે?



પુષ્પપાંખડીઓ

* ભાગ્યના પડદા પાછળ શું છુપાયેલું છે? તે કહેવા માટે કોઈપણ શક્તિમાન નથી, છતાં પણ પોતે જેવાં આચરણો આચરી રહ્યો છે તેનું પરિણામ કેવા પ્રકારનું હશે? તેનું સમાધાન વીતરાગ વાણીદ્વારા જરૂર થઈ શકે છે. પરંતુ હોવું જોઈએ તેનું પોતાને અભૂતપૂર્વ સત્ય સમ્યગ્જ્ઞાન.

* વ્યવહારમાં કહેવત છે કે "વસુ વિના નર પશુ" એટલે ધન વિનાનો માનવી પશુની કોટીમાં મૂકાય છે; પરંતુ ધન એ કયું? ચંચળ ક્ષણભંગુર નહિ અને નહિ જ મૃગતૃષ્ણાનુકારી, પરંતુ શાશ્વતધન અને એ છે સમ્યગ્જ્ઞાન રૂપ ધન. એ વિનાનો મનુષ્ય જરૂર પશુની ગણનામાં મૂકાય છે.

* ક્ષણભંગુર ધનને મેળવીને પણ મનુષ્ય ક્યારેક માનવતાના રાજપથથી સરકી જાય છે. તે વખતે ધન હોવા છતાં પણ તે જગતના જીવોનો શુભચિંતક બની શકતો નથી. જ્યારે વિપુલ આત્મિક સંપત્તિવાળો તેનાથી બે ડગલાં આગળ જાય છે માટે જ સાચું ધન મેળવવાની ભૂખ જાગવી જોઈએ, તેના માટે શક્તિશાળી બનવું જોઈએ.

* જ્યારે અભિમાનનો વડવેલો પાંગરવા માંડે છે ત્યારે છલ, દંભ, પાખંડ અને તૃષ્ણાની ઉત્પત્તિ સ્વાભાવિક બની જાય છે. જે આત્મ ધર્મની પરિપૂર્ણતાએ પહોંચાડી શકતા નથી. જ્યારે ઠીક તેનાથી વિપરીત એ વડવેલાના ઉચ્છેદન માટે નમ્રતા અને

ભગવાન મહાવીરના [illegible]
નિષ્પ્રવૃત્તિ. [illegible]
સ્વીકારી સંતોષને [illegible] થાય છે, ત્યારે [illegible] વૃત્તિ
[illegible] થઈ જાય છે.

* વાણીમાં અજબ આકર્ષણ શક્તિ રહેલી છે. લોહચુંબકને ક્યાંય કહેવા જવું પડતું નથી. છતાં પણ જેવી રીતે એ લોખંડને પોતા તરફ ખેંચે છે, તેવી જ રીતે મધુરવાણી પ્રાણી માત્રના હૃદયને પોતાના તરફ તાણી શકે છે. પરંતુ એ વાણી હોવી જોઈએ સન્માન અને સમભાવની સરિતા સમાન વહેતી જતી શું નથી સાંભળ્યું ? ભગવાન મહાવીરના એ નિઃસ્વાર્થ અને સમભાવની જલપ્રવાહિનીના સમાન વહેતી વાણીએ ચંડ કૌશિક જેવા જીવના કાળને નહોતો આકર્ષ્યો ? અને એ જ વાણીના વ્હેણમાં સ્નાન કરી આત્મિક પવિત્રતાને એણે નહોતી ઉપાર્જી ?

* વાણીનો પ્રવાહ તો વહે પરંતુ અવિવેકનો ગારો જો એ પ્રવાહને ગંદો કરી દે તો એ પ્રવાહથી કોઈને પણ લાભ મળી શકે નહિ એટલે એ વાણીના પ્રવાહના શુદ્ધિકરણ માટે વિવેકરૂપ નિર્મળી ચુર્ણની પણ આવશ્યકતા છે, જે ક્ષુદ્રતા, અશુદ્ધતા અને અપેયત્વને દૂર કરીને નિર્મળતા લાવી શકે. બધું ય મળી જાય પરંતુ એ નિર્મળીકરણને યોગ્ય પ્રવૃત્તિ ન કરીએ તો તે પણ નિરર્થક સંભવી શકે.

* આકાશમાં ગગડાટ કરતાં વાંદળાં દોડતાં જાય, ગરમી પણ પડતી જાય, જનસમુદાય પાણી પાણીના પોકારો કરે છતાં અનુકુળ હવાનો યોગ ન સાંપડે તો તે વાદળો ફક્ત હુંફ સિવાય કંઈ પણ આપી શકતા નથી. તેવી જ રીતે શુદ્ધ નિર્મળ

ધાર્મિક સંસ્કારવાળા આત્મા, વિવેકપૂર્વક વર્તવાનું કહેવાનું હોય છતાં સંસ્કારહીનના જીવનમાં પ્રગટ પુણ્યરૂપી કલ્પવૃક્ષનો યોગ ન મળે તો તે આત્મા પણ સારા હતા, છતાં તેમનામાંથી કેટલીક તેવો લાભ મળી શકતો નથી

* સંસારમાં આદાન, આદેય અને પ્રદાન, પ્રદેયનો ક્રમ અનાદિ કાળથી ચાલ્યો આવ્યો છે. આપવા યોગ્ય આપવું અને લેવા યોગ્ય લેવું. એટલે સામાન્ય રીતે તેનો અર્થ થયો કે ત્યાગવું અને ગ્રહણ કરવું. જે અયોગ્ય છે, અનુચિત છે, અનાચરણીય છે તેનો ત્યાગ કરવો જ જોઈએ. અને જે યોગ્ય છે, સમુચિત છે, અને આચરણીય છે તેને ગ્રહણ કરવું. લેવું, અને દેવું. આ જ નિયમ પુદ્ગલ અને આત્માના સંબંધમાં પણ રહેલ છે. હવે લેવું શું? અને દેવું શું? એ માટે જ કહેવાયું કે ગુરુજનોના સંસર્ગ અને સંપર્કમાં રહો, જેઓના સહજ નિર્મળત્વના લીધે અંતઃકરણમાં એ પ્રવૃત્તિના અંકુરોનો ઉદ્ભવ થાય.

* નિશ્ચયગુણ આત્માનો ધર્મ છે છતાં વીતરાગ વાણી જ ઉપાય લોકના ઉદ્ધાર માટે પ્રગટી તેમાં વ્યવહારિકતાનાં કેટલાં અનુપમ અને આચરણીય દર્શન થાય છે તે જ એ વીતરાગત્વમાં રહેલી અનુકંપાવૃત્તિનો પરિચય આપે છે. આરાધ્ય દેવ, ઉપાસ્ય સદ્ગુરુજન અને ધર્મનો વિનય આત્મોપશાંતિ સમર્પે છે, જે ભાવવિનય કહેવાય છે અને પોતાના શારીરિક અથવા તો ભૌતિક સંબંધી જનોના સાથે કરેલ વિનય સાંસારિક જીવનમાં અશાંતિને ઉત્પન્ન થવા દેતો નથી. જે વ્યવહારિક વિનય કહેવાય છે આમ ઉભયાત્મક શુભંકરી વીતરાગવાણીની વારંવાર સ્તવના કરીએ.

* વ્યવહાર અને નિશ્ચય બંનેના મળવાથી અલૌકિક આત્મશક્તિની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે મહેલના નિર્માણ કરતાં

પહેલાં પોતાની નજરમાં [illegible] પડે છે, અને પછી જ [illegible] થાય છે. તેવી જ રીતે આત્મોન્નતિના માર્ગે પગલાં ભરવા માટે સર્વ પ્રથમ વ્યવહાર ધર્મની શુદ્ધિ અને સમજણ જરૂરી છે. વ્યવહારશુદ્ધિ નિશ્ચય ધર્મને પ્રાપ્ત કરવા માટે ઉપયોગી અને સહાયક નીવડે છે. દ્રવ્ય અને ભાવને શાસ્ત્રીય ભાષામાં વ્યવહાર નિશ્ચય માની લઈએ તો એમાં કોઈ પણ અતિશયોક્તિ નહિ કહેવાય.

* બજારમાં ગયા, દુકાન પણ માંડી, પરંતુ દ્રવ્ય અને ભાવની એકતા ન સધાઈ તો પછી લાભની આશા કેવી રીતે રાખી શકાય ! પોતાના પાસે દ્રવ્ય અથવા વિક્રય માટે સામગ્રી છે છતાં તેનો બરાબર ભાવ ન આવે તો પછી એ સામગ્રીથી લાભની આશા આકાશ કુસુમવત્ છે. અને કદાચ ભાવ આવ્યા પછી ઉપર્યુક્ત સામગ્રી નહિ હોય તો તેથી પણ લાભની ઉણપ જ રહેવાની, એટલે દ્રવ્ય અને ભાવ બંને મળ્યા પછી જ લાભની શક્યતા સંભવી શકે.

* અનુશાસક બનવા કરતાં અનુશાસનમાં રહીને યોગ્યતાને વરવી એ જ જીવનોન્નતિનું પહેલું પગથિયું છે એમ કહીએ તો અનુચિત નહિ લેખાય. શાસક તે જ કહેવાય કે જે સંપૂર્ણ યોગ્યતાને મેળવી ચૂક્યો છે. જે શાસનીક પ્રણાલી અને સર્વ પ્રકારની નીતિનો જાણકાર અને આચરનાર હોય છે તેના પગલે પગલે ચાલીને તેની આજ્ઞાને સન્નિષ્ઠાપૂર્વક માન્ય કરવી તેને સાચું અનુશાસનપાલન કહેવાય છે.

* જડાશક્તિ ઉન્માદ જન્માવે છે, ચેતનાશક્તિ ઉચ્ચાદર્શો તરફ પ્રેરે છે. જડાશક્તિ રાખવાથી સ્વસુખથી વંચિત થવાય છે, અને ચૈતન્યાશક્તિથી સ્વસુખો તરફ આગળ વધાય છે.

અન્તર્પ્રાન્તે પણ આસક્તિથી વિરક્તિ મેળવ્યા વિના નિવૃત્તિના લક્ષ્યને પહોંચી વળાશે નહિ એ નક્કી છે એટલે જેટલી વિરક્તિ જડ પદાર્થોથી થશે એટલી જ અભિવ્યક્તિ આત્મિક પરમોચ્ચ સુખોની થશે.

* પ્રગટાવેલા દીવાને દીવો કહેવાય, એટલા માટે કે તે પ્રકાશ આપે છે, પરંતુ જ્યારે ઓલવાઈ ગયેલ દીવાને અથવા તેના ચિત્રને પણ દીવો કહી શકીએ તો પછી વીતરાગદેવ પ્રત્યક્ષ નહિ હોવા છતાં વીતરાગના દર્શન માટે તેમની જે પ્રતિકૃતિ મૂર્તિ સ્વરૂપ બનાવેલ છે તેને જો વીતરાગ કહીએ તો શું વાંધો આવે ? કંઈ પણ નહિ. ઉલ્ટા વીતરાગ સ્વરૂપ માનવામાં નિત્ય પ્રેરણા પ્રાપ્ત કરી શકાય છે.

* મોટા બંગલા બનાવવાની તમને વધુને વધુ લાલસા લાગી રહી છે, પરંતુ તમારા જીવનના બંગલાને બનાવવા માટે એક ઈંટની પણ જોગવાઈ કરી છે ખરી ? નક્કી સમજો ! બંગલા બનાવ્યા પછી પણ તમારૂં ઠેકાણું તો જંગલમાં જ થવાનું છે. માટે જ જીવનનો બંગલો નિર્મિત કરો પછી જ તેમાં રહીને શાન્તિ મેળવી શકશો.



ભાવના ભવનાશિની

વ્યક્તિના જીવન નિર્માણની આધારભૂમિ એના મનોગત વિચાર ઉપર અવલંબે છે. પોતાના ભાવ જે પ્રકારના ઉત્કૃષ્ટ, મધ્યમ યા જઘન્ય હોય તે પ્રકારનું જીવન આપ: બની જાય છે.

પ્રશસ્ત વિચાર એને પોતાના માર્ગમાં પ્રગતિશીલ થવા પ્રેરતા હોય છે અને જીવનને જીવન બનાવવામાં અભૂતપૂર્વ યોગદાન પ્રદાન કરતા રહે છે. એ વિચારોના આધાર પર જ ભાવોની કડીથી કડી સંધાતી જાય છે અને એ જ કડીઓ માનવીય માર્ગ તરફ વેગવંત પગલાં માંડવા કટિબદ્ધ કરતી હોય છે.

ભાવોનું એ યંત્ર જો યથાવસ્થિત ચાલતું રહે છે તો આત્મપ્રદેશોમાં રહેલ અંધકારની ઘટાઓનું ઉન્મૂલન કરનારી દિવ્ય જ્યોતિ પ્રભા પ્રકાશી ઊઠે છે. હજારો, લાખો વર્ષોથી કરેલા પ્રયત્નોમાં અસફળ આત્મા માત્ર ભાવનાનો પ્રકાશ પામીને ભીષ્મ બંધનોથી ઘડીના છઠ્ઠા ભાગમાં મુક્તિ મેળવી લે છે.

ભાવનાના અનુપમ બળે જ મરૂદેવી માતાના ક્લિષ્ટ કર્મોની સાંકળ ખોલી નાખી હતી. કેટલી અમાપ અને અચિંત્ય શક્તિ છે ભાવનાની એ વાયુવેગે સંચરતી ગતિમાં ?

વર્તમાન વિશ્વ આજ વિજ્ઞાન કે સાયન્સના નવા આવિષ્કારોથી આવિષ્કૃત થતું જાય છે અને જનસમુદાય, તાર, ટેલીફોન, રેડિઓથી ચમત્કૃત થઈ રહ્યો છે, પરંતુ ભાવનામાં રહેલી

ચમત્કારિક અલૌકિક શક્તિ આગળ એ બધું સામાન્યવત છે. પોતે એનાથી અનભિજ્ઞ છે અને એટલે જ વસ્તુસ્થિતિનું યથાર્થ જ્ઞાન કરી શકતો નથી.

ભાવના વ્યક્તિના વ્યક્તિત્વને માપવા માટે પારાશીશીરૂપ છે કેમકે વ્યક્તિની જેવી ભાવના હોય છે તદનુસાર તેના વિચાર, વાણી અને વ્યવહાર થઈ જાય છે ભાવના શું છે? એની પ્રતીતિ ત્યારે જ થાય છે જ્યારે પોતાના જીવન સંગીતની વીણા એક સ્વરથી ગુંજી ઉઠે છે. ભાવનનું પ્રતિબિંબ વિચારોના સ્વચ્છ સ્થાન ઉપર પડે છે અને પછી ત્યાં જ ભાવના ભવનાશિનીનો સાક્ષાત્કાર થઈ જાય છે.

જો શાન્તચિત્તે વિચારીએ અને વિશ્વવ્યવસ્થામાં ડોકિયું કરી દેખીએ તો સર્વથી પ્રભાવશાળી કંઈ પણ છે તો તે ફક્ત એક ભાવના જ છે. એના આધાર ઉપર વ્યક્તિની સમુન્નતિ સંભવે છે.

ભાવનાની મજબૂત દિવાલ ઊભી કરી ભાવુક ઈચ્છા–તૃષ્ણાના વેગને સહજમાં રોકી શકે છે. એ ભાવનાનો પ્રવાહ (current) એટલો સતેજ ચાલે છે કે તેટલો સતેજ સંચાર (ઇલેક્ટ્રીક) વિદ્યુત, તાર, ટેલિફોનનો પણ નથી થઈ શકતો.

બાહ્ય પદાર્થોની નિઃસહાયવૃત્તિ અને એમાં આપરત્વ, અન્યત્વ માનીને સ્વેચ્છાએ ઇષ્ટ સાધનામાં પ્રવૃત્તિ કરવાનો દૃઢ સંકલ્પ અને દુર્ભાવનાથી નિવૃત્તિ જ ભાવનાના સરોવરને સ્વચ્છ અને નિર્મળ બનાવવાની પરમોચ્ચ સાધના છે.

સાધનાના દુર્જેય પથમાં પરમજ્યોતિપુંજને પ્રાપ્ત કરવા માટે ભાવના શક્તિશાળી સર્વોચ્ચ સંબલ છે. એ ભાવનાની શક્તિના બળ ઉપર જ ભાવોની પરંપરા ચાલતી રહે છે. અને

ભાવનાના અભાવમાં આજ જોઈએ છીએ, દુનિયા, [illegible] [illegible] કલ્પનાઓના ગગનગામી આશા દોડવા માંડે છે, પરિણામે સંકટ, સંપત્તિનો નાશ, સંસ્કૃતિનો વિનાશ, અનિષ્ટનો સંયોગ અને [illegible] વિયોગ, એટલા માટે જ આચાર્યપ્રવર શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી ફરમાવે છે કે—

'यस्मात्क्रिया प्रतिफलन्ति न भावशून्या:'

ભાવશૂન્ય ક્રિયા કોઈ કાળે ફળવતી થઈ શકતી નથી.

આત્મવિકાસની સાથે સર્વાંગીણ સમુન્નતિમાં ભાવના મહાન રસાયણનું કામ કરે છે. ભાવનાથી જ શુદ્ધ સ્વભાવના ઉપર અશુદ્ધ આવરણોના થર કે જાળા બાઝેલા હોય છે તે દૂર થતાં પોતાના વિરાટ અને વિશાળ સ્વરૂપનું દર્શન થવું સરળ થઈ શકે છે.

ભાવવૃદ્ધિથી જ માનસિક ભ્રમણાનો અંત અને આત્મિક પ્રગતિનો પ્રારંભ થાય છે. ત્યાર પછી અનુક્રમેણ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ દૃષ્ટિનો આવિર્ભાવ થશે અને સમગ્ર વિશ્વના પ્રાણીમાત્રના પ્રત્યે મૈત્રીભાવનાની ભેરીઓ ગાજી ઊઠશે, આત્મોન્નતિના પથ પર અગ્રગામીઓની નિરવદ્ય પ્રવૃત્તિ દેખીને પ્રમોદભાવ પ્રસરી જશે. એક એક નાડીના ધબકારમાં, દીન, હીન, દુઃખી અને ધર્મમાર્ગથી વિપરીત ચાલનારા જીવોને દેખીને કરૂણાભાવનો આવિર્ભાવ થશે અને મૂઢજનોની પ્રવૃત્તિ દેખતાં મધ્યસ્થ દૃષ્ટિ કેળવાઈ જશે.

પ્રત્યેક રીતે ભાવોની વિશુદ્ધિ માટે કટિબદ્ધ રહેવામાં જ માનવીય જીવનનું મહત્ત્વ અંકાયું છે.

જેથી ભવ ઘટે તેને કહેવાય ભાવના અને ભવ વધે જેના વડે એને કહેવાય દુર્ભાવના.

ભવ વધે ત્યારે દુઃખ વધે અને ભવ ઘટે ત્યારે સુખ વધે. અનાદિકાળથી ચાલતું આવ્યું છે આવું ચક્ર.

ભાવના વધારનારા વધી જાય છે સુખ પ્રાપ્તિના ધોરી રાજમાર્ગ ઉપર આગળ અને ભાવના ઘટાડનારા ચઢી જાય છે અવળા અરણ્યના માર્ગે.

ભાવના આત્માભિમુખ કરનારી છે, દુર્ભાવના સંસાર ભણી દોરી જાય છે. ભાવનાશીલ વ્યક્તિ સ્વ-બળે ચાલે છે અને દુર્ભાવનાવૃત્ત વ્યક્તિ પર-બળનો આશ્રય ખોજતો રહે છે.

ભાવનામાં ભર્યું હોય છે જીવમાત્રના કલ્યાણનું અમૃત અને દુર્ભાવનામાં ભર્યું હોય છે હળાહળ ઝેર

અમૃત અપાવે છે અમરતા. ઝેર અધવચમાં જ ઢસડી જાય છે અધોગતિ તરફ. ભાવના અંધારામાં પણ પ્રકાશ પાથરે છે અને જીવનમાં અભૂતપૂર્વ સત્ત્વ ભરી દે છે.

સત્ત્વ વગરનું જીવન શા કામનું? અને તત્ત્વ વગરનું અનુષ્ઠાન શા કામનું? સત્ત્વવાન સત્યને પામી જાય છે, તત્ત્વથી ભારોભાર ભરપૂર અનુષ્ઠાન ભવ્યતાનાં દર્શન કરાવે છે.

સત્ત્વશાળી એ તત્ત્વની તન્મયતાના બળે સ્વાભિમુખ થઈને સર્વતોમુખી સાધ્યને સિદ્ધ કરી જાય છે.

આવી છે ભાવનાની શક્તિ.

સુવર્ણ અવસર આવ્યો છે હાથમાં. માનવનું જીવન અને સાધનાની સુંદર તક સાંપડ્યા પછી જેટલા પ્રમાણમાં એ ભાવનાનો વિકાસ થતો જાય તેટલો જ દુર્ભાવનાનો રકાસ સમજો.

બગીચામાં બાવળીઆ ન શોભે. ત્યાં તો સુગંધ અને શીતળ આપનારા ચંદનના વૃક્ષો જ શોભે.

માનવ જેવા ઉચ્ચ જીવનમાં દુર્ભાવનાના કાંટાળા બાવળીઆ ક્યારે ય ન રહી શકે, ત્યાં તો પરમ શાંતિની પરિમલ પ્રસરાવનાર ભાવનાના સુગંધી ચંદનના વૃક્ષો જ સ્થાન પામી શકે.

મલયગિરિના શિખર ઉપર ચંદનના તરુવરો તલસાટ કરતાં દેખાય.

સુંદર ભવનમાં બારીનું સ્થાન બાળને ક્યારે ય ન મળે.

ઐરાવણ હાથીનાં ઉપર લાકડાના ભારા લાદવા ક્યારે ય પણ શોભાસ્પદ તો ન જ કહેવાય.

મનુષ્યના માનસમાં પણ જીવમાત્રને પરમ શાંતિ અર્પનારું ભાવનાનું ચંદન જ વસવું જોઇએ.

દુર્ભાવનાની ગટરો અને તજ્જન્ય દુર્ગંધ ક્યારે રહેવા ન પામે. વૈર, વિખવાદના લાકડાનો બોજો ભાવનાભાવિત હૃદયમાં અસ્તિત્વ જ ન ધરાવી શકે ક્યારે.

અનંત ઉપકારી જ્ઞાની ભગવંતોએ ભાવનાની શક્તિ અગાધ કહેલી છે.

સાગરમાં રહેલ જળરાશિના બિંદુ બિંદુની ગણત્રી કરી શકાય તો ભાવનાની શક્તિનું માપ કાઢી શકાય.

સમર્પણ સર્વ સ્વાર્પણની વૃત્તિથી ભાવનાનો વેગ દ્વિગુણીત થાય છે, નહિ, નહિ. સંખ્યાતીત ગણો વધી જાય છે.

જળ પ્રવાહના ધોધમાંથી (ઈલેકટ્રીક) વિદ્યુતશક્તિ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે સર્વ સ્વાર્પણવૃત્તિમાંથી પ્રગટ થયેલ ભાવનામાંથી પરમ જ્યોતિનો પ્રાદુર્ભાવ થાય છે.

એ તારક શક્તિને ગેળવી આપનારી છે ભાવના.

મારક શક્તિને દૂર કરનારી છે ભાવના.

એ અનંત શક્તિના સ્રોતમાંથી ઉર્મા પ્રગટે છે વિશ્વકલ્યાણની અને ત્યારે જ અનુભવાય છે પરમાનંદ.

જીવ માત્રને જીવવાનો હક્ક છે, આ ટંકશાળી વચન ભાવના વિહોણા હૃદયમાં ક્યારે પણ ટકી શકતું નથી.

ભાવના વેગળો રહેનાર જ જીવમાત્રને જીવવાનો હક્ક પ્રદાન કરવામાં વાંધા ઉત્પન્ન કરી શકે.

ભાવનાથી રહિત હૃદય પત્થર હૃદય હોય અને એટલે જ તેને અંશાત્મક પણ વિશ્વમૈત્રીયભાવ સ્પર્શી શકતો નથી. ભાવના હોય જ્યાં, ત્યાં પોતાને પોતામાં જ દર્શન થાય વિશ્વ ચરાચરના અને પછી સમજાઈ જાય જન્મ મરણની મહત્તા.

આરીસામાં દેખ્યું કે પોતાના ચહેરા ઉપરના ડાઘ દેખાઈ જાય છે, તેવી જ રીતે ભાવનાના આરીસામાં દેખનારેંત બધુંય સ્પષ્ટપણે કળી શકાય છે.

ભાવનાથી ભાવિત બને હૃદય, માનવ માત્રનું માનસ, એના બળે સાધો સહુ કોઈ સ્વાત્મ સાધના અને વધો સર્વત્ર વિશ્વ-શાંતિ અને કલ્યાણની ભાવના.



આરાધક બનવા માટે

જે નીતિનું પાલન, સંસ્કૃતિનું સંરક્ષણ અને નૈતિકતાની વૃદ્ધિ કરે એને કહેવાય છે શાસન!

જેનાથી જીવનનું નિર્માણ થાય, વિકાસ વેગવંતો બને અને વૈશિષ્ટ ઝળકી શકે એને કહેવાય અનુશાસન!

જેના કારણે પાદ્ગલિક પરિણમન મંદ બને, ઇન્દ્રિયજન્ય સુખોથી નિવૃત્તિની પરિણતિ તીવ્ર બને અને સાધના માટેની દૃષ્ટિ નિર્મળ બને એને કહેવાય આત્માનુશાસન!

જે જીવમાત્રને જીવવાના હક્કનો ઉદ્ઘોષ કરે, જીવમાત્રને સંસારથી મુક્તિ મેળવવાનો અધિકાર જાહેર કરે અને જે પ્રત્યેકને ચરમ અને પરમપદની પ્રાપ્તિ માટે પ્રેરણા નિયમિત આપે તેને કહેવાય જૈન શાસન!

વ્યવસ્થિત સંચાલન માટે જોઇએ શાસન!

જીવનને ઝગમગતું રાખવા માટે જોઇએ અનુશાસન!

અંતરશુદ્ધિ–વિશુદ્ધિ માટે પરમ આવશ્યક છે આત્માનુ-શાસન! અને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાને સાકાર બનાવવા માટે અત્યંત આવશ્યક છે જૈનશાસન!

કષાયોથી મુક્તિ મળે અથવા કષાય વગેરે દ્વારા જે કદર્થના કરી છે; તે બદલ આપણે એમની સાચા અંતરથી ક્ષમા યાચીએ.

દીન-હીનજનોને જોતાં આપોઆપ આત્માઓના સામે દ્રષ્ટિ પડતા જ કારુણ્ય ભાવનો સ્રોત વહેવા માંડે, જ્યારે ત્યારે જ સમજવું કારુણ્ય કે પ્રમોદભાવની શુદ્ધિ આત્મપ્રદેશમાં થઈ રહી છે.

પોતાની ઠકુરાઈ ન છોડનારા એવા નાસ્તિક જીવો પ્રત્યે પણ દ્વેષભાવ ન જાગે અને એવાઓના તરફ પણ હિત બુદ્ધિથી માધ્યસ્થ ભાવોનો આવિર્ભાવ થાય, જ્યારે ત્યારે જાણવું કે કારુણ્યભાવના અંતરપ્રદેશમાં વસેલી છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, અને માધ્યસ્થ ભાવને સંવરેલો આત્મા આરાધનાના અનુપમ માર્ગે આગળ વધે અને સાધનાના પુનિત પંથનો અમર યાત્રી બની શકે.

આ આરાધનાના માર્ગે આત્મા ક્યારે જોડાય અને કેવી સ્થિતિમાં સ્વરૂપ કેવું રહે એ પણ વિચારણીય છે!

સંપૂર્ણ વિશ્વ કર્મચક્રમાં બંધાયેલું અથવા ફસાયેલું છે. છદ્મસ્થ અવસ્થા સંસાર તરફના આંશિક રાગની અવસ્થાને પણ સંસાર જ કહેવાય.

રાગ અને વિરાગના ભેદ જ્યાં સુધી ઘટે નહી અને વિરાગ-
મયી સ્થિતિ દૃઢ બને નહિ ત્યાં સુધી ભાવોના બંધનોથી બચવાનો
માર્ગ વેગળો જ રહે છે!

આમ કર્મચક્રના કારણે કોઈ જીવતો પ્રસુપ્ત અવસ્થાવાળા
છે, તો કોઈ સુપ્ત અવસ્થાવાળા છે, કોઈ જાગૃત અવસ્થામાં છે,
તો કોઈ ઉત્થિત થયેલા દેખાય છે, તો કોઈ પ્રસ્થિત પણ થઈ
ગયા હોય છે.

જેઓ મોહની દશામાં અને મોહના નશામાં ચકચૂર થઈ
ગયેલા હોય છે, જેમને ધર્મનું જ્ઞાન નથી, જેઓ જડાશક્ત
બનીને સંસારના યજ્ઞ કુંડમાં જીવનની આહૂતિ આપી રહ્યા છે,
આ બધાય જીવો પ્રસુપ્ત અવસ્થાવાળા જાણવા. જેઓ ક્યારેય
આંખ ઉઘાડીને પોતાની સ્વયંની અવસ્થા, સદવસ્થા કે દુરા-
વસ્થાનો વિચાર સુદ્ધાંય કરી શકતા નથી.

જેઓ આસક્તિથી છુટવા મથતા નથી છતાં આસક્તિની
ભયંકરતાને જાણતા હોય છે, તે જીવોને સુપ્ત સ્થિતિવાળા કહ્યા
છે. જેઓ જાણવા છતાંય આચરવાની તત્પરતા દાખવી શકતા નથી.

જેમને આસક્તિ મિથ્યાત્વમયી પરિણતિ તથા સંસારનાં
બંધનોનું જ્ઞાન થાય છે અને જેઓ એ બંધનોથી જેમ બને
તેમ છુટવાનો પ્રયત્ન કરતા હોય છે, યથાશક્ય છુટતા જાય છે,
તે જીવોને જાગૃત દશાવાળા કહેલા છે જેઓ બંધનથી મુક્તિનો
અધિકાર મેળવી લે છે.

જેઓ મિથ્યાત્વથી મુક્તિ મેળવીને આસક્તિને અળગી કરીને
સમ્યક્ત્વના ભાવથી ઓતપ્રોત થયેલા છે, લૌકિક અને લોકોત્તર
ભાવોને સંપૂર્ણપણે સમજી લીધા છે જેણે એ બધાય જીવોને

જેગને ક્રમશઃ ગુણસ્થાનકની સ્પર્શના થતી જતાં ગ્રંથીભેદ અને અપુનર્બંધક દશાની સ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે.

પર્વાધિરાજ પર્યુષણ !

મૈત્રી, પ્રમોદાદિ ભાવોને આત્મસાત્ કરવા માટે પ્રબલ પ્રેરણા આપનાર છે.

જાગો, ઉઠો ! અને આગળ વધોનો શંખનાદ કરનાર છે.

ભવ્યોની ભવ્યતાને છતી કરવા અને આરાધનાના મંગળમય માર્ગે પ્રયાણ કરવાની હાકલ કરતાં પર્વાધિરાજ જણાવે છે કે, તમારા જીવનની સ્થિતિનાં દર્શન કરો અને નિહાળો તો ખરા કે તમે ક્યાં છો ? તમારી ભૂમિકા કેવી છે ? અને તે ક્યાં સુધી વ્યવસ્થિત છે ? આ દિગ્દર્શનના માટે જ પર્વાધિરાજના પુનીત પ્રસંગે સાબદા બનો ! પછી જ શાસન, અનુશાસન, આત્માનુશાસન અને જૈનશાસનની આરાધનાના ભાગી બની શકશો.



પરમાત્મા
મહાવીરદેવનું જન્મ કલ્યાણક

પરમાત્માનું પાવન શાસન !

અનંતકાળથી ચાલતું આવ્યું આ શાસન !

ત્યાગ અને વૈરાગ્ય પ્રધાન આ શાસનના સંસ્થાપક અને સંચાલક વીતરાગી અને ત્યાગી આત્માઓ રહ્યા છે. જયવંતુ રહ્યું છે આત્માની દ્રવ્ય ભાવથી પ્રવૃત્તિઓને વેગવંત આપવાના એક માત્ર ધ્યેયથી !

પ્રવાહથી અનાદિ અને તીર્થંકર પરમાત્માની અપેક્ષાથી આદિસહિત છે. તે કાળ સમયવર્તી તીર્થંકર ભગવંતો ઘાતિ કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન ત્રૈકાલિક જ્ઞાનની જ્યોતિને સંપ્રાપ્ત કરીને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રિપદીના ઉપદેશથી જડ અને ચેતનનું ભેદ વિજ્ઞાન સમજવા પ્રેરિત કરે છે.

ઉત્પન્ન, વિલય અને શાશ્વત સ્થિતિમય પદાર્થસ્વરૂપને વર્ણવીને જગતના જીવોને સચ્ચિદાનંદ સ્વરૂપની સંપ્રાપ્તિનો રાજમાર્ગ પ્રદર્શિત કરનાર તીર્થંકર દેવોની અવિચ્છિન્ન પરંપરાએ નિશ્ચિત રૂપે જીવ અને જીવનની સમન્વિત કડીનાં ભવ્ય દર્શન કરાવ્યાં છે.

મુખ્ય ગૌણનો ભેદ અનાદિથી ચાલતો આવ્યો છે. જ્યાં સુધી મુખ્યતા અને ગૌણતાનો વિભાગ છે ત્યાં સુધી સંસાર, આસ્રવ, બંધ પ્રત્યેક જીવાત્માના પાછળ રહેલા જ છે.

નિરપેક્ષ અને સાપેક્ષ દૃષ્ટિની સમજના અભાવે વ્યક્તિ એકાંતિક અથવા તો નિરપેક્ષનો ચાહક બની જતાં વાર લાગતી નથી નિરપક્ષનો ચાહક દૃષ્ટિ વિહિન બનીને મિથ્યાત્વગ્રસિત થઈ જાય અને પ્રાંતે જીવનના અમૃતથી સદા વેગળો રહી જાય.

પરમાત્મા મહાવીરદેવે પોતાના કેવળજ્ઞાનના દિવ્ય પ્રકાશમાં નિરપેક્ષથી નિપજતાં અનર્થો અને સાપેક્ષથી સર્જાતા સમન્વયભાવો દેખ્યા અને ત્યાર પછી અખિલ જગતને નિરપેક્ષ અને સાપેક્ષ દૃષ્ટિનું સુંદર સ્વરૂપ સમજાવી વિશ્વને અચિન્ત્ય અસાધારણ અથડામણુથી બચાવ્યું.

સાધારણ માનવીનું અવતરવું અને અસાધારણ આત્માનું અવતરણ સ્વાભાવિક રીતે મહદંતર બતાવે છે. સાધારણ જન્મ લઈ જગતમાં ભ્રમણ કરે ત્યારે અસાધારણ જન્મ લઈ ઉજવળ

કરે, ભ્રમણ અટકાવે સ્વપરનું, અશાંતિને સમાપ્ત કરી શાંતિનો સંચાર કરે ! આવા આત્માઓના અવતરણને કલ્યાણક કહેવાય ! કારણ એમનું આવવું, રહેવું, વિચરવું અને મન, વચન કાયાનું પ્રચલન બધુંય કલ્યાણ કરનારૂં હોય છે.

ભયંકર વેદનાથી પીડાતા એવા નારકીના જીવોને પણ ક્ષણ એક શાતાનો અનુભવ કરાવનાર એ અસાધારણ આત્મા તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે ત્યારે આત્માની અસ્મિતાના દર્શન જનસાધારણને થાય છે.

પરમાત્મા મહાવીરનું જન્મ કલ્યાણક આ પૃથ્વીના આંગણે થયું અને વિશ્વના જીવાત્માઓએ ભાવવૈદ્યને પામ્યાનો આનંદ અનુભવ્યો.

રોગોથી રીબાતા અને દુઃખોથી દબાતા જીવોને સાચા સન્મતિ પ્રદાયકની પ્રાપ્તિ પરમોત્તમ પદને પામ્યાનો આનંદ આપનારી હતી.

ચતુર્વિધ સંઘની સ્થાપના કરી 'તિત્થયરાણં' પદને શોભાવ્યું.

ચતુર્વિધ ધર્મની પ્રરૂપણા કરીને 'આઇગરાણં' પદને ઉજ્વળ કર્યું.

પોતાની જાતે પ્રબોધ પામીને 'સયં સંબુદ્ધાણં' પદને અમર બનાવ્યું.

સંસારનું પદાર્થ સ્વરૂપ અને જીવની અચિંત્ય શક્તિને સમજાવીને આત્માર્થનો માર્ગ બતાવી 'મગ્ગ દયાણં' પદને સાર્થક કર્યું.

